


# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 235
Dt.: 30-06-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa


# આસામ-અરુણાચલ પ્રદેશમાં મેઘતાંડવ, રોડ-રસ્તા ડૂબ્યા

## બ્રિજ ધરાશાયી, જનજીવન ઠપ: વાયુસેના અને SDRFની ટીમો બચાવ કાર્યમાં લાગી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પૂર્વોત્તર ભારતમાં ચોમાસાની શરૂઆત થતાં જ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. અરુણાચલ પ્રદેશ અને અસમમાં થઈ રહેલા અવિરત મુસળધાર વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલને ભારે તબાહી મચાવી છે. પૂરના કારણે અસમના ૧૦૦ થી વધુ ગામો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. જેના લીધે હજારો લોકો પ્રભાવિત થયા છે. અરુણાચલ પ્રદેશમાં આ કુદરતી આપત્તિના કારણે અત્યાર સુધીમાં ૩ લોકોના મોતના અહેવાલછે. જ્યારે અનેક લોકો ગુમ છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં વાયુસેના અને SDRF ની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહી છે.

અરુણાચલ પ્રદેશમાંથી આવતા પૂરના પાણીના પ્રચંડ પ્રવાહને કારણે અસમના ધેમાજી જિલ્લામાં સ્થિતિ સૌથી વધુ વણસી છે. ૨૮ જૂનના રોજ ધેમાજીમાં કેમી નદી પર બનેલો ૩૦૦ મીટર લાંબો વિશાળ લોખંડનો પુલ પૂરના ધસમસતા પ્રવાહમાં પત્તાની જેમ વહી ગયો હતો. આ પુલ તૂટી પડવાના કારણે કેમી-પુરાના જેલોમ વિસ્તાર અને જોનાઈ સદર વચ્ચેનો માર્ગ સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે. આ કનેક્ટિવિટી તૂટવાથી હજારો લોકો અટવાઈ પડ્યા છે અને તેમને જીવનજરૂરી ચીજવસ્તુઓ, દવાઓ અને હોસ્પિટલ સુધી પહોંચવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત, ધેમાજીમાં સિમેન નદી પર આવેલો રેલવે બ્રિજ પણ આંશિક રીતે ક્ષતિગ્રસ્ત થયો છે.

અસમ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્રધિકરણના જણાવ્યા અનુસાર, ધેમાજી જિલ્લામાં ૨૦,૦૦૦ થી વધુ લોકો પૂરથી સીધા પ્રભાવિત થયા છે. અસમ-અરુણાચલ બોર્ડરના જોનાઈ વિસ્તારમાં નદીઓ ભયજનક સપાટીએ વહી રહી છે. અહીની બહીર ચિલે પંચાયતના ૪૦ ગામો અને બહીર જોનાઈ પંચાયતના ૬૦ થી વધુ ગામો પૂરના પાણીમાં ગરકાવ થઈ ગયા છે. સેંકડો એકર જમીનમાં ઉભેલો પાક નાશ પામ્યો છે, જ્યારે અનેક પશુઓ પણ પાણીના પ્રવાહમાં તણાઈ ગયા છે. રાજ્ય સરકારે નીચાણવાળા વિસ્તારોમાં હાઈ-એલર્ટ જાહેર કર્યું છે.

અરુણાચલ પ્રદેશના લોઅર સિયાંગ જિલ્લાના સિજી વિસ્તારમાંથી ભૂસ્ખલનનો એક કંપાવનારો વીડિયો સામે આવ્યો છે, જેમાં પહાડનો એક મોટો હિસ્સો ધરાશાયી થતાં એક બાઈક સવાર તે કાટમાળ સાથે નીચે ખીણમાં વહી જતો જોવા મળે છે. સદનસીબે તે બાઈક સવારનો આબાદ બચાવ થયો છે.

આ ભયાનક આપત્તિ વચ્ચે કેન્દ્ર સરકાર પણ એક્શન મોડમાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા સાથે ટેલિફોનિક વાતચીત કરીને પૂરની સ્થિતિ અને નુકસાનની વિગતો મેળવી હતી. ઉપરાંત કેન્દ્ર તરફથી તમામ સંભવિત મદદની ખાતરી આપી છે. સીએમ સરમાએ જણાવ્યું કે રાજ્ય સરકાર તમામ સંસાધનોનો ઉપયોગ કરીને પ્રભાવિત પરિવારોની સુરક્ષા માટે કામ કરી રહી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં હજુ પણ ભારે વરસાદની ચેતવણી આપી હોવાથી તંત્રને વધુ સતર્ક રહેવા જણાવાયું છે.

### હવામાન વિભાગે જાહેર કર્યું ઓરેન્જ એલર્ટ

# મુંબઈમાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારમાં ભરાયા પાણી

## મુંબઈમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો, જેના કારણે નીચાણવાળા વિસ્તારો અને સબવેમાં પાણી ભરાઈ ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈમાં મોડી રાત્રે મુશળધાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે નીચાણવાળા વિસ્તારો અને સબવેમાં પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ સર્જાતા ટ્રાફિકની રફતાર ધીમી પડી ગઈ છે.

સાથે જ અમુક સ્થળોએ લોકલ ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ છે. મુંબઈના વાશી વિસ્તારમાં રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. જેના કારણે લોકોને હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો. અંધેરી વિસ્તારમાં સબવેમાં પાણી ભરાઈ જતા ટ્રાફિકને ડાયવર્ટ કરવો પડ્યો હતો.

તો પનવેલ વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. જ્યા રસ્તાઓ બેટમાં ફેરવાયા હતા. હાલ મુંબઈમાં વરસાદ રોકાયો છે અને મોટાભાગના સ્થળોએથી પાણી ઓસરી ગયા છે. મુંબઈમાં આજે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. તો આ તરફ ભિવંડીમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો.

ભારે વરસાદના કારણે ભિવંડીના રસ્તાઓ જળમગ્ન થઈ ગયા હતા. મુખ્ય બજારમાં તો દુકાનોમાં પાણી ઘૂસી જતા વેપારીઓને નુકસાન થયું છે. તીનબત્તી, ભાજી માર્કેટ, નિઝામપુરા, આમપાડા, ખંડૂપાડા રોડ, વંજારપટ્ટી સહિત અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સોસાયટીઓમાં પણ પાણી ભરાઈ જતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું

મુંબઈમાં ભારે વરસાદને કારણે શહેરના ઘણા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા છે, વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને લોકોને ઘરની બહાર નીકળવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અંધેરી સબવે (અંડરપાસ) માં પાણી ભરાઈ જતા વાહનવ્યવહાર બંધ કરાયો છે. રાતભર પડેલા ધોધમાર વરસાદથી અંધેરી, બાંદ્રા, ખાર, મલાડ, ગોરેગાંવ, જુહુ અને વર્સોવા જેવા વિસ્તારો ખાસ કરીને પ્રભાવિત થયા છે. પૂરને કારણે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ટ્રાફિક પણ ધીમો પડી ગયો છે.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ના જણાવ્યા અનુસાર, અંધેરી સબવે પાણીથી ભરાઈ ગયો છે, જેના કારણે તેને બંધ કરવો પડ્યો છે. હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ૨૯ જૂને શહેરમાં વરસાદ, ભારે પવન અને વાવાઝોડા સહિત પ્રતિકૂળ હવામાનનો અનુભવ થવાની ધારણા છે.

નોંધનીય છે કે અંધેરી સબવે મુંબઈનો એક મુખ્ય માર્ગ છે જે પૂર્વ અને પશ્ચિમને જોડે છે. દરરોજ હજારો વાહનો અને લોકો તેમાંથી પસાર થાય છે. ચોમાસાના વરસાદ દરમિયાન અંધેરી સબવેમાં પાણી ભરાવાની સમસ્યા જૂની છે.

શહેરના નીચાણવાળા વિસ્તારોમાં અનેક સ્થળોએ ભારે પાણી ભરાઈ ગયા છે. કોઈપણ અનિચ્છનીય ઘટના કે અકસ્માત ન થાય તે માટે સબવેની બહાર પોલીસ તૈનાત કરવામાં આવી છે.

### મંત્રીમંડળમાં ફેરફારની તૈયારી

# ધર્મેન્દ્ર શિક્ષણ, નિર્મલા નાણાં ખાતું ગુમાવી શકે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નીટ-યુજી પરીક્ષાના પેપર લીકને લઈને કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ ઉઠી રહી છે. એવામાં કેન્દ્રની મોદી સરકાર પોતાના મંત્રીમંડળમાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે. એવા અહેવાલો છે કે ધર્મેન્દ્ર પ્રધાન પાસેથી શિક્ષણ મંત્રાલય લઈ લેવામાં આવી શકે છે. જ્યારે નિર્મલા સિતારામનના સ્થાને અન્યને નાણાં મંત્રાલય સોંપવામાં આવી શકે છે. મોદી સરકારની કેટલીક નીતિઓ સામે ખુલ્લીને વાત કરનારા કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીનું મંત્રાલય પણ બદલાઈ શકે છે.

૨૧ જુલાઈ આસપાસ સંસદનું ચોમાસુ સત્ર શરૂ થઈ શકે છે, આ સત્ર પહેલા જ મોદી સરકાર મંત્રીમંડળમાં મોટા ફેરફાર કરવા જઈ રહી હોવાના અહેવાલો છે. કેટલાક કેબિનેટ મંત્રીઓને ભાજપમાં સંગઠનની જવાબદારી સોંપવામાં આવશે અને તેમના સ્થાને યુવા નેતાઓને મંત્રી બનાવવામાં આવી શકે છે. જે પણ નેતાઓ પાસેથી તેમનું વર્તમાન મંત્રાલય લઈ લેવામાં આવી શકે છે તેમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન, શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને હાઈવે ટ્રાન્સપોર્ટ મંત્રી નિતિન ગડકરીનો પણ સમાવેશ થઈ શકે છે. આગામી બેથી ત્રણ દિવસમાં જ મહત્વની બેઠક મળશે જેમાં આ નિર્ણયો લેવામાં આવશે તેવા અહેવાલો છે. આગામી વર્ષે પંજાબ, ઉત્તર પ્રદેશ, હિમાચલ, ઉત્તરાખંડ, મણિપુર અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, એવામાં પંજાબને મંત્રીમંડળમાં વિશેષ ધ્યાનમાં રાખવામાં આવી શકે છે. હાલમાં પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરી છે તેમના સ્થાને પંજાબના અન્ય કોઈ કદાવર શીખને મંત્રી બનાવવામાં આવી શકે છે. આ યાદીમાં સૌથી ચર્ચાસ્પદ નામ આપમાંથી ભાજપમાં ગયેલા રાઘવ ચઢ્ઢાનું છે જેઓ હાલ પંજાબમાં સક્રિય છે અને પોતાની પૂર્વ પાર્ટી આપની ભગવંત માન સરકારની ટીકા કરી રહ્યા છે. અન્ય એક મોટો ફેરફાર પક્ષ કે રાજકારણ બહારની વ્યક્તિને સામેલ કરવાનો હોઈ શકે છે. જેમાં આરબીઆઈના પૂર્વ ગવર્નર અને હાલમાં પીએમ મોદીના મુખ્ય સચિવ શક્તિકાંત દાસનો સમાવેશ થઈ શકે છે. તેમને કેબિનેટમાં કોઈ મોટું સ્થાન આપવામાં આવી શકે છે. આર્થિક બાબતે તેમનું યોગદાન જોઈને નાણા મંત્રાલય આપવામાં આવી શકે છે. સહયોગી પક્ષો જેમ કે જદ(યુ)માંથી બિહારના પૂર્વ સીએમ નિતિશ કુમાર, મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદે, મમતાના પક્ષ તૃણમુલ કોંગ્રેસને છોડનારા સુખેંદુ શેખર રાય જેવા બળવાખોર નેતાઓને પણ મહત્વ આપવામાં આવી શકે છે.

### CEO ની નિમણૂક પહેલા સંતો ભડક્યા

# રામમંદિરમાં સરકારી નોકરશાહીની કોઈ જ દખલગીરી મંજૂર નહીં

## ચઢાવા ચોરીના વિવાદ વચ્ચે નૃપેન્દ્ર મિશ્રાએ IAS CEOની હિમાયત કરતા સંત સમાજે સખત વિરોધ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યા રામ મંદિરમાં ચઢાવા ચોરીના વિવાદ વચ્ચે હવે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની પુનઃરચના અને વહીવટને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ વહીવટ સુધારવા માટે એક આઈએએસ સ્તરના સીઈઓ (ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર)ની નિમણૂક કરવાની હિમાયત કરી હતી. જેને અયોધ્યાના સંત સમાજે સખત શબ્દોમાં નકારી કાઢી છે. રવિવારે મહંત નૃત્યગોપાલ દાસના જન્મોત્સવના અંતિમ દિવસે દેશભરમાંથી એકત્રિત થયેલા સંતોએ 'ધ્વનિ મત' થી અમલદારશાહી વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ પસાર કર્યો છે.

વ્યાસ પીઠ પરથી મુખ્ય વક્તા આચાર્ય મિથિલેશ નંદિની શરણ (મહંત, હનુમત નિવાસ) એ સીધો સવાલ ઉઠાવ્યો કે, "શું અયોધ્યામાં રામ મંદિર બ્યુરોક્રેટ્સ ચલાવશે? અયોધ્યા સંતો અને શ્રદ્ધાળુઓની છે, વહીવટી તંત્રની નહીં." વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને સંબોધતા તેમણે કહ્યું કે જો ટ્રસ્ટનું પુનઃગઠન કરવું હોય તો ચોક્કસ કરો, તમામ વર્ગોના પ્રમાણિત લોકોને સ્થાન આપો, પરંતુ રામ મંદિરને સત્તાનું સંસ્થાન કે કોર્પોરેટ સેટ-અપ ન બનાવો. તેમણે ઉમેર્યું કે ધર્મનિરપેક્ષતાની શપથ લેનારા સરકારી અધિકારીઓ ક્યારેય ધર્મ પ્રત્યે નિષ્ઠાવાન હોઈ શકે નહીં.

ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રાના રાજીનામાને લઈને પણ અયોધ્યામાં ચર્ચાઓ ગરમ છે. સંતોએ સવાલ ઉઠાવ્યો છે કે સોશિયલ મીડિયા પર અત્યંત સક્રિય રહેતા ચંપત રાયે પોતાના રાજીનામાની સત્તાવાર જાહેરાત કેમ ન કરી? વધુમાં, સામાન્ય વહીવટી પ્રક્રિયા મુજબ રાજીનામું ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્યગોપાલ દાસને સોંપવાના બદલે કોષાધ્યક્ષ (ટ્રેઝરર) ને કેમ સોંપવામાં આવ્યું? આ તમામ સવાલોના કારણે શંકાઓ દ્રઢ બની છે અને હવે બધી નજર ૧૧ જુલાઈએ મળનારી ટ્રસ્ટની હાઈ-લેવલ બેઠક પર ટકેલી છે. બીજી તરફ, આ વિવાદમાં હવે કરણી સેના પણ કૂદી પડી છે. કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સૂરજ પાલ અમ્મુએ સિવિલ લાઈન્સ ખાતે પત્રકાર પરિષદ યોજીને પૂર્વ આઈએએસ નૃપેન્દ્ર મિશ્રા પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો કે જ્યારે મંદિરનું નિર્માણ થઈ રહ્યું હતું ત્યારે રાજસ્થાનના ભરતપુર સહિત અન્ય સ્થળોએથી લાવવામાં આવેલા પથ્થરો અને બિલ્ડિંગ મટિરિયલમાં પણ ગેરરીતિ થઈ હોવાની આશંકા છે. જો મંદિરમાં ચોરી થઈ છે, તો નિર્માણ સમિતિના અધ્યક્ષ તરીકે નૃપેન્દ્ર મિશ્રા જવાબદારીમાંથી કેવી રીતે બચી શકે? તેમને તપાસના દાયરામાં લાવવા જોઈએ અને જો તેમને સીઈઓ બનાવવામાં આવશે તો તે અયોધ્યાનું દુર્ભાગ્ય હશે. કરણી સેનાએ પીએમ મોદી પાસે ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ સામે નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૧ જુલાઈએ પ્રસ્તાવિત બેઠકમાં રામ મંદિર ટ્રસ્ટના માળખામાં ધરખમ ફેરફારો થઈ શકે છે. બેંકિંગ, ફાઈનાન્સ, મેનેજમેન્ટ અને આઈટી ક્ષેત્રના પ્રોફેશનલ્સને નાણાકીય પારદર્શિતા લાવવા માટે રાખવામાં આવી શકે છે તેમજ અત્યાર સુધી ચાલતી આઉટસોર્સિંગ પ્રક્રિયાની સમીક્ષા કરી તમામ વ્યવસ્થાઓ સીધી ટ્રસ્ટના હાથમાં લેવાય તેવી સંભાવના છે.

# ચીન ભારે મુશ્કેલીમાં : છેલ્લા છ મહીનાથી અર્થતંત્ર ઢળતું રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચીનનું અર્થતંત્ર મંદ પડી રહ્યું છે. તેની નિકાસ વધી છે પરંતુ ફેકટરી ગેઈટ પ્રાઈસીઝ વધતી જાય છે. દેશના નાગરિકોની ખરીદ શક્તિ તૂટતી જાય છે. એકંદર ખરીદી ઘટતાં કંપનીઓના પ્રોફિટસ પણ ઘટતાં જાય છે. પરિણામે છેલ્લા છ મહિનાથી ચીનનું અર્થતંત્ર ઢળતું રહ્યું છે. સંભવ છે કે તેથી ભારત માટે નવી તકો પણ ખૂલે. નિકાસ વધી છે પરંતુ ફેકટરી ગેઈટ પ્રાઈસીઝ વધતી જાય છે, દેશમાં આંતરિક ખરીદી તૂટતી જાય છે, કંપનીઓના પ્રોફિટ પણ તૂટે છે. ચીનના જ નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિટિકા જણાવે છે કે મે-૨૦૨૬માં ઈન્ડસ્ટ્રીયલ પ્રોફિટ્સ ૨૧.૧ ટકા રહ્યા હતા. જે ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ૨૪.૭ ટકા હતું. આ સ્પષ્ટ દેખાડે છે કે અર્થતંત્ર ઢળી રહ્યું છે. બ્લુમબર્ગનો રીપોર્ટ જણાવે છે કે જાન્યુઆરી થી મે ૨૦૨૬માં ઔદ્યોગિક નફાનું સ્તર ૧૮.૮ ટકા જ રહ્યું હતું. જે બ્લ્યુબર્ગ ઈકોનોમિક્સ એસ્ટીમેટ ૧૯% કરતાં પણ થોડું નીચું રહ્યું હતું.






# પેટ્રોલ-ડીઝલ બાદ હવે કઠોળ અને અનાજમાં ૧૫% સુધીનો ભાવવધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

પેટ્રોલ અને ડીઝલના આસમાને પહોંચેલા ભાવોની સીધી અસર હવે સામાન્ય માણસની થાળી પર જોવા મળી રહી છે. પરિવહન ખર્ચ (ટ્રાન્સપોર્ટ ભાડું) વધવાને કારણે અને પાકના ઉત્પાદનમાં થયેલા ઘટાડાને લીધે સુરત સહિત સમગ્ર રાજ્યમાં કઠોળ, દાળ અને અનાજના ભાવમાં ૧૨ થી ૧૫ ટકાનો તોતિંગ વધારો નોંધાયો છે. જેના કારણે ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

જીવનજરૂરી ચીજવસ્તુઓમાં કિલો દીઠ થયેલો ભાવવધારો

બજારના વેપારીના જણાવ્યા અનુસાર, રોજિંદા વપરાશની વસ્તુઓમાં નોંધપાત્ર વધારો ઝીંકાયો છે. પહેલા ૨૮ રૂપિયા કિલો ના ભાવે મળતા ઘઉં હાલ ૩૨ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે.

પહેલા ૪૦ રૂપિયા કિલોના ભાવે મળતા ચોખા હાલ ૫૨ રૂપિયા પ્રતિ કિલો મળી રહ્યા છે

પહેલા ૮૬ રૂપિયાના ભાવે વેચાતી તુવેર હાલ ૯૧ રૂપિયા પ્રતિ કિલો ના ભાવે વેચાઈ રહી છે

પહેલા ૨૬ રૂપિયાના ભાવે વેચાતી બાજરી હાલ ૨૯ રૂપિયા પ્રતિ કિલો ના ભાવે વેચાઈ રહી છે

પહેલા ૨૬.૫૦ રૂપિયાના ભાવે વેચાતી જુવાર હાલ ૨૮ રૂપિયા પ્રતિ કિલો ના ભાવે વેચાઈ રહી છે

પહેલા ૪૨ રૂપિયાના ભાવે વેચાતી ખાંડ હાલ ૪૪ રૂપિયા પ્રતિ કિલો ના ભાવે વેચાઈ રહી છ

છેલ્લા એક મહિના તેલના ભાવમાં ૩૦ રૂપિયા નો વધારો નોંધાયો છે

આ સિવાય ખાંડ અને બાજરી સહિતની અન્ય વસ્તુઓ પણ મોંઘી થઈ છે.

આ અસહ્ય મોંઘવારીના કારણે કઠોળ અને અનાજના વેપાર પર ખૂબ જ માઠી અસર પડી છે. ગ્રાહકોની ખરીદશક્તિ ઘટતા બજારમાં ભારે મંદી જોવા મળી રહી છે.વેપારીઓ પણ ભારે વ્યથા અનુભવી રહ્યા છે. જે વેપારીઓની દુકાનેથી અગાઉ દિવસ દરમિયાન ૧૦૦ થી વધુ અનાજની બોરીઓનું વેચાણ થતું હતું, ત્યાં હવે માંડ ૨૦ થી ૨૫ બોરીઓ વેચાઈ રહી છે. ખરીદીમાં સીધો ૭૦% નો ઘટાડો નોંધાયો છે.

મોંઘવારીથી ત્રસ્ત લોકો હવે માત્ર ઘરમાં જેટલું અત્યંત જરૂરી હોય તેટલું જ કઠોળ અને અનાજ ખરીદી રહ્યા છે. જથ્થાબંધ ખરીદી કરવાનું લોકોએ હાલ પૂરતું ટાળ્યું છે.

હાલની પરિસ્થિતિને જોતા વેપારીઓ અને ગૃહિણીઓ બંને એકસૂરે સરકાર પાસે માગ કરી રહ્યા છે કે આ વધતા જતા ભાવો પર વહેલી તકે અંકુશ લાવવામાં આવે અને જનતાને રાહત આપવામાં આવે.

# તંત્રી લેખ......

## અમેરિકા-ઈરાન વચ્ચે અથડામણ

શાંતિ કરાર થયાના દસ દિવસની અંદર અમેરિકા અને ઈરાન વચ્ચે લશ્કરી અથડામણ ફરી શરૂ થવી એ પશ્ચિમ એશિયા અને વિશ્વ માટે ખરાબ સમાચાર છે. ઓમાનના દરિયાકાંઠે તાજેતરમાં સિંગાપોરના ધ્વજવાળા કાર્ગો જહાજને નિશાન બનાવવામાં આવ્યા હોવાથી અમેરિકા અને ઈરાન વચ્ચે નવેસરથી સંઘર્ષ શરૂ થયો હતો.

જોકે જહાજ પરના હુમલાથી કોઈ મોટું નુકસાન થયું ન હતું, પરંતુ હુમલા પાછળ ઈરાનનો હાથ હોવાની શંકા હતી. આ હુમલાના પરિણામે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગ સ્થગિત કરવામાં આવ્યું હતું. એક અંદાજ મુજબ, હાલમાં હોર્મુઝ સ્ટ્રેટમાં ૫૦૦ થી વધુ જહાજો ફસાયેલા છે.

સિંગાપોરના ધ્વજવંદન જહાજને ઈરાન દ્વારા નિશાન બનાવવાનું એક પરિણામ તેલના ભાવમાં થોડો વધારો હતો. ઈરાને જહાજ પર હુમલો કર્યો કારણ કે, તેના મતે, તેણે તેની કથિત ચેતવણીને અવગણી હતી.

જોકે અમેરિકા અને ઈરાન વચ્ચે ૬૦ દિવસ માટે હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોને મફતમાં પસાર થવાની મંજૂરી આપવા માટે કરાર થયો છે, તેમ છતાં ઈરાન હજુ પણ આગ્રહ રાખે છે કે આ સ્ટ્રેટમાંથી પસાર થતા કોઈપણ જહાજોએ તેની પરવાનગી લેવી પડશે.

વાસ્તવમાં, ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ પર તેની સાર્વભૌમત્વનો દાવો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ તેની મનસ્વીતા સિવાય બીજું કંઈ નથી.

હોર્મુઝ સ્ટ્રેટ જેવા વિશ્વના અન્ય તમામ દરિયાઈ વેપાર માર્ગો મફત નેવિગેશન માટે ખુલ્લા છે. આંતરરાષ્ટ્રીય સંધિ અનુસાર, કોઈપણ દેશને તેના દરિયાકાંઠાના દરિયાઈ માર્ગો પર કર વસૂલવાનો કે વસૂલવાનો અધિકાર નથી. હોર્મુઝના કિસ્સામાં ઈરાન બળજબરીથી આ અધિકાર મેળવવા માંગે છે.

તેને આ અધિકાર આપી શકાય નહીં, કારણ કે હોર્મુઝ પર તેનો દાવો ગુંડાગીરી સિવાય બીજું કંઈ નથી. આ એક એવો મામલો છે જેમાં ઈરાનના વલણને સમર્થન આપી શકાય નહીં. એ સાચું છે કે અમેરિકા અને ઈઝરાયલે ઈરાનને બિનજરૂરી રીતે નિશાન બનાવ્યું, જેનાથી પશ્ચિમ એશિયામાં શાંતિ જોખમાઈ ગઈ અને વૈશ્વિક અર્થતંત્ર માટે કટોકટી ઊભી થઈ. જોકે, હોર્મુઝ પર નિયંત્રણ મેળવવાનો ઈરાનનો પ્રયાસ તેને ખલનાયક સાબિત કરશે. હોર્મુઝ પર કબજો કરવાના ઈરાનના અનેક પ્રયાસના જવાબમાં યુએસ સેનાએ ઈરાનના ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો, પરંતુ ઈરાને પણ ગલ્ફ દેશોમાં યુએસ લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવવામાં વિલંબ કર્યો નહીં. અમેરિકા અને ઈરાન વચ્ચેની આ તાજેતરની લશ્કરી અથડામણે તેમની વચ્ચે થયેલા શાંતિ કરારની ટકાઉપણું અંગે શંકા ઉભી કરી છે.

## સાવલીના મોક્સી ગામે પરિણીતાનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સાવલી તાલુકાના મોક્સી ગામે બનેલી એક દુઃખદ ઘટનાએ સમાજમાં નારી ઉત્પીડન અને ઘરેલું હિંસાની વરવી વાસ્તવિકતા ફરી એકવાર સપાટી પર લાવી દીધી છે. મોક્સી ગામે રહેતા પઠાણ પરિવારની પુત્રવધૂ શાનુબેન જાવેદભાઈ પઠાણે પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની પ્રાથમિક વિગતોમાં આ મામલો અકસ્માત મોત દેખાતું હતું, પરંતુ મરણ જનાર મહિલાના પિયર પક્ષ અને ફરિયાદી દિલીપસિંહ મહિડાએ પોલીસ સામે જે પુરાવા અને કેસની કડીઓ રજૂ કરી, તેનાથી આખો મામલો ગંભીર ગુનામાં ફેરવાઈ ગયો છે.ભાદરવા પોલીસમાં દાખલ થયેલી સત્તાવાર ફરિયાદ અનુસાર, લગ્નજીવનના થોડા સમય બાદથી જ શાનુબેનને સાસરીમાં ભારે કષ્ટો વેઠવાનો વારો આવ્યો હતો. વર્ષ ૨૦૨૫ દરમિયાન આરોપી પતિ જાવેદખાન દિલાવરખાન પઠાણ અને સાસુ રજીયાબેન પઠાણ દ્વારા નાની-નાની પારિવારિક બાબતોમાં શાનુબેનને માનસિક રીતે ટોર્ચર કરવામાં આવતી હતી. વાત આટલેથી ન અટકતા, પતિ દ્વારા પરિણીતા પર નિર્દયતાપૂર્વક હાથ ઉપાડીને શારીરિક મારઝૂડ પણ કરવામાં આવતી હતી. આ રોજ-રોજના ક્લેશ અને અસહ્ય અત્યાચારથી કંટાળીને આખરે કોઈ રસ્તો ન જડતા શાનુબેને મોત વહાલું કર્યું હોવાનો પરિવારનો આક્ષેપ છે.

### સતર્કતા, ફરજનિષ્ઠા અને ત્વરિત કાર્યવાહીથી સંભવિત રેલ દુર્ઘટનાઓ ટળી

# ભાવનગર મંડળના ચાર કર્મચારીઓને ડીઆરએમ સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં સુરક્ષિત રેલ સંચાલનમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર કર્મચારીઓને તેમની અસાધારણ સતર્કતા, કર્તવ્યનિષ્ઠા અને ત્વરિત નિર્ણયક્ષમતાના સન્માનરૂપે વરિષ્ઠ મંડળ પરિચાલન પ્રબંધક શ્રી.આર. ગરુડાની ભલામણના આધારે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા ડીઆરએમ સુરક્ષા પુરસ્કાર (DRM Safety Award) એનાયત કરવામાં આવ્યો. આ સન્માન સમારોહ મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, ભાવનગર પરા ખાતે યોજાયો હતો, જ્યાં તમામ સન્માનિત કર્મચારીઓને પ્રશસ્તિપત્ર અને મેડલ અર્પણ કરવામાં આવ્યા.



સન્માનિત કર્મચારીઓમાં શ્રી સુરેશ ડી. (ગેટમેન, જેતલસર), શ્રી સત્યજીત પાંડે (ગેટમેન, અલમપર), શ્રી જયેશ વી. ચૌહાણ (પોઈન્ટ્સમેન, વરતેજ) તથા સુશ્રી હેમવર્ષા એન. (પી. મેન, ગોંડલ) નો સમાવેશ થાય છે. આ તમામ કર્મચારીઓએ ફરજ દરમિયાન પોતાની સતર્કતા અને ત્વરિત કાર્યવાહી દ્વારા સંભવિત રેલ દુર્ઘટનાઓને ટાળી સુરક્ષિત રેલ સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે મંડળ રેલ પ્રબંધક પુરસ્કાર વિજેતા કર્મચારીઓની પ્રશંસા કરતાં તેમને ભાવનગર મંડળના તમામ રેલવે કર્મચારીઓ માટે પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા. તેમણે કહ્યું કે કર્મચારીઓની ફરજનિષ્ઠા, સતર્કતા અને સેવા પ્રત્યેનું સમર્પણ સુરક્ષિત રેલ સંચાલનની સૌથી મજબૂત આધારશિલા છે. શ્રી સુરેશ ડી. એ ૨૭ માર્ચ, ૨૦૨૬ના રોજ સમપાર ફાટક નં. ૬૨/સી પર ફરજ દરમિયાન ટ્રેન નં. ૫૯૫૫૭ પોરબંદર–ભાવનગરના એન્જિનની નીચે ગિયર બોક્સની ભારે લોખંડી પિન લટકતી હોવાનું જોયું. તેમણે તરત જ જોખમનો હાથ સંકેત આપી સ્ટેશન માસ્ટરને જાણ કરી. ત્વરિત કાર્યવાહી કરીને સંબંધિત કર્મચારીઓએ પિનને સુરક્ષિત રીતે બાંધી ટ્રેનનું સલામત સંચાલન સુનિશ્ચિત કર્યું. તેમની સતર્કતાના કારણે સંભવિત દુર્ઘટના ટળી. શ્રી સત્યજીત પાંડેય એ ૧૧ મે, ૨૦૨૬ના રોજ અલમપર સ્ટેશન પર ફરજ દરમિયાન પસાર થતી માલગાડીના ઉપમા વેગનમાં લટકતો ભાગ જોયો. તેમણે તરત જ જોખમનો સંકેત આપી સ્ટેશન માસ્ટરને જાણ કરી. સમયસર ટ્રેન રોકી ખામી દૂર કરવામાં આવી અને ત્યારબાદ ટ્રેનને સુરક્ષિત રીતે આગળ રવાના કરવામાં આવી. તેમની સૂઝબૂઝ અને તત્પરતાએ સંભવિત દુર્ઘટના ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

શ્રી જયેશ વી. ચૌહાણ એ ૩/૪ મે, ૨૦૨૫ના રોજ ટ્રાફિક ફાટક નં. ૨૧૪/સી પર ફરજ દરમિયાન વરતેજ સ્ટેશનની લાઈન નં. ૩ પર રેલ ફ્રેક્ચર **(Rail Fracture)** જોયું. તેમણે વિલંબ કર્યા વગર સ્ટેશન માસ્ટરને જાણ કરી, જેના પગલે સંબંધિત અધિકારીઓએ તાત્કાલિક મરામત કરીને સંભવિત ગંભીર રેલ દુર્ઘટના ટાળી. સુશ્રી હેમવર્ષા એન. એ ૧૩ જૂન, ૨૦૨૬ના રોજ ગોંડલ સ્થિત સમપાર ફાટક નં. ૪૮-બી પર ફરજ દરમિયાન એક માલગાડીના બે વેગનમાં અસામાન્ય સ્પાર્કિંગ જોયું. તેમણે તરત જ વિરપુરના ડેપ્યુટી સ્ટેશન માસ્ટરને જાણ કરી. તપાસ દરમિયાન એક વેગનમાં બ્રેક બાઈન્ડિંગ તથા બીજા વેગનમાં મેટલ ડિપોઝિટ હોવાનું જાણવા મળ્યું. સમયસર ખામી દૂર કરીને ટ્રેનને સુરક્ષિત રીતે રવાના કરવામાં આવી. તેમની સતર્કતા અને ફરજનિષ્ઠાએ સંભવિત દુર્ઘટના ટાળવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ સન્માનિત કર્મચારીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે સુરક્ષા પ્રત્યે સતર્ક અને સમર્પિત કર્મચારીઓ જ ભારતીય રેલવેની સૌથી મોટી શક્તિ છે. તેમણે તમામ કર્મચારીઓને ભવિષ્યમાં પણ આવી જ સતર્કતા, શિસ્ત અને ઉત્તમ કાર્યસંસ્કૃતિ સાથે સુરક્ષિત રેલ સંચાલનમાં યોગદાન આપવાનું આહ્વાન કર્યું. પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ પોતાના કર્મચારીઓની સતર્કતા, ત્વરિત નિર્ણય ક્ષમતા અને જવાબદારીપૂર્ણ કાર્યશૈલીની હંમેશા કદર કરે છે. આવા સમર્પિત કર્મચારીઓના પ્રયાસો માત્ર સુરક્ષિત રેલ સંચાલનને વધુ મજબૂત બનાવે છે એટલું જ નહીં, પરંતુ મુસાફરો, રેલવે સંપત્તિ તથા રાષ્ટ્રીય સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ અવસરે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા તેમજ મંડળના તમામ શાખા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડાના મહિજ, સરખેજ, અંઘાડી અને મહિસા, અમદાવાદના માંડલ, પંચમહાલના નદીસર, છોટાઉદેપુરના ઊંડવા તથા ભાવનગરના મોણપુર ખાતે નવી જીઆઈડીસી બનશે

# ગુજરાતને રોકાણ, વિકાસ અને રોજગાર ક્ષેત્રે વધુ વિશ્વસનીય બનાવવા ૮ નવી GIDCની જાહેરાત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### ગુજરાતમાં ઉદ્યોગો માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ખેડા, અમદાવાદ, પંચમહાલ, છોટાઉદેપુર અને ભાવનગર જિલ્લામાં ૩,૬૧૧ એકર વિસ્તારમાં સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ કાર્યરત થશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રોકાણ, વિકાસ અને રોજગાર ક્ષેત્રે ગુજરાતને વધુ વિશ્વસનીય બનાવવાના હેતુસર વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની વડોદરામાં યોજાયેલી ચોથી કડીમાં વિવિધ જિલ્લાઓમાં ૮ નવી GIDCની સ્થાપનાની જાહેરાત કરી હતી. રાજ્યના સર્વાંગી ઔદ્યોગિક વિકાસને વધુ ગતિ આપવા આ સ્માર્ટ એસ્ટેટ્સ દ્વારા આધુનિક સુવિધાઓ, સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ખેડા, અમદાવાદ, પંચમહાલ, છોટાઉદેપુર અને ભાવનગર જિલ્લામાં ૩,૬૧૧ એકર વિસ્તારમાં સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ કાર્યરત થશે.

તદઅનુસાર, ખેડા જિલ્લાના મહિજ જીઆઈડીસીને ૧૩૦.૩ એકર વિસ્તારમાં, કઠલાલ તાલુકાના સરખેજ જીઆઈડીસીને ૩૩૨.૭ એકર વિસ્તાર, મહુધા તાલુકાના મહિસા જીઆઈડીસીને ૧૮.૫ એકર, ગળતેશ્વર તાલુકાના અંઘાડી જીઆઈડીસીને ૩૧૦.૯ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવશે.

આ ઉપરાંત અમદાવાદ જિલ્લાના માંડલ જીઆઈડીસીને ૫૧૫.૨ એકર વિસ્તારમાં, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નદીસર જીઆઈડીસીને ૧૦૫.૫ એકર વિસ્તારમાં, છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાના ઉંડવા જીઆઈડીસીને ૨૪૭.૧ એકર વિસ્તારમાં અને ભાવનગર જિલ્લાના વલ્ભીપુર તાલુકાના મોણપુર જીઆઈડીસીને ૧૯૫૦.૭ એકર વિસ્તારમાં નવા સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ જાહેરાત અંતર્ગત ગુજરાતના વિવિધ જિલ્લાઓ મળી કુલ ૩૬૧૧ એકર વિસ્તારમાં નવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ વિકસાવવામાં આવશે. આ આયોજનથી મધ્ય ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણને વેગ મળશે, રોજગારીની નવી તકો ઊભી થશે તેમજ સ્થાનિક વિકાસને પ્રોત્સાહન મળશે. રાજ્ય સરકારની આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગો માટે પ્લગ-એન્ડ-પ્લે સુવિધાઓ સાથે સુવ્યવસ્થિત ઔદ્યોગિક વિસ્તારોનું નિર્માણ, રોકાણકારોને સરળતા અને સ્થાનિક યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી કરવાનો છે. રાજયમાં વિકસાવવામાં આવનારા આ સ્માર્ટ એસ્ટેટ્સ ઉદ્યોગ, ટેકનોલોજી અને રોજગારના નવા કેન્દ્રો તરીકે ઉભરી આવશે. આ પ્રકલ્પો દ્વારા નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોને એક મજબૂત ઔદ્યોગિક ઈકોસિસ્ટમ મળશે અને તેમજ સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને રોજગારીની નવી તકોનું સર્જન થશે.

# જેઠ સુદ પૂર્ણિમાના પાવન પર્વે રાજા રણછોડરાયના દર્શને ઉમટ્યા લાખો ભક્તો

(સંપૂર્ણ સમાચાર સેવા)ખેડા

ગુજરાતના પ્રખ્યાત કૃષ્ણ તીર્થોમાં જેનું સ્થાન મોખરે છે તેવા ખેડા જિલ્લાના ડાકોરધામમાં આજે જેઠ સુદ પૂર્ણિમાના અવસરે ભક્તિનો સાક્ષાત્કાર થયો હતો. ડાકોરમાં પૂનમ ભરવાનું હિન્દુ ધર્મમાં ભારે માહાત્મ્ય છે. આ જ કારણે ગઈકાલ રાતથી જ અમદાવાદ, વડોદરા, આણંદ અને ખેડા સહિત સમગ્ર મધ્ય ગુજરાતના માર્ગો પર "જય રણછોડ" ના ધ્વજ સાથે પદયાત્રીઓનો સંઘ ડાકોર તરફ આગળ વધી રહ્યો હતો.

આજે પૂનમના પવિત્ર દિવસે વહેલી સવારે જ્યારે મંદિરના દ્વાર ખુલ્યા ત્યારે હજારો ભક્તો લાઈનમાં ઉભા રહી ગયા હતા.

ભગવાન રણછોડરાયજી સન્મુખ આવતા જ ભક્તો ભાવવિભોર થઈ ગયા હતા અને આખું મંદિર પરિસર "જય રણછોડ માખણ ચોર" ના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના તમામ લોકો ભગવાનની એક ઝલક મેળવવા આતુર દેખાતા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા ગરમી અને ભીડને ધ્યાનમાં રાખીને પીવાના પાણી અને છાંયડાની વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

ડાકોરમાં પૂનમના આ મેગા ઉત્સવને કારણે સ્થાનિક બજારોમાં પણ ભારે તેજી જોવા મળી હતી. ભગવાનને ધરાવવામાં આવતા પ્રસિદ્ધ ડાકોરના ગોટા, માખણ-મિસરી, તુલસીની માળા અને શ્રૃંગારની સામગ્રી વેચતા નાના વેપારીઓની દુકાનો પર ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. એસટી નિગમ દ્વારા પણ પૂનમના મેળાને ધ્યાને રાખીને વધારાની સ્પેશિયલ બસો દોડાવવામાં આવી હતી. સાંજે મહાભોગ અને આરતી બાદ પણ ભક્તોનો પ્રવાહ અવિરત ચાલુ રહ્યો હતો, જે દર્શાવે છે કે ટેકનોલોજીના આ યુગમાં પણ રાજા રણછોડ પ્રત્યે જનતાની શ્રદ્ધા અડગ અને અતૂટ છે.

# વડોદરામાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની ચોથી કડીનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મધ્ય ગુજરાત વિસ્તારની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ **(VGRC)** નો વડોદરાથી પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગવી સોચ અને સમય કરતાં આગળનું વિચારીને તેનું ઈમ્પ્લીમેન્ટેશન કરવાની પ્રતિબદ્ધતાને કારણે ભારત દરેક ક્ષેત્રોમાં તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. તેમની આ વિઝનરી લિડરશીપના કારણે દુનિયાના દેશો ભારત સાથે વિશ્વાસુ મિત્રના ભાવથી જોડાયા છે અને વધુને વધુ દેશો જોડાઈ રહ્યાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષના સફળ સુશાસનમાં ભારતે અર્થતંત્ર, ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. એટલુ જ નહિ, તેમણે ઉદ્યોગોને રેડ ટેપિઝમમાંથી બહાર લાવી રેડ કાર્પેટથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને નવી દિશા આપી છે તેને આગળ વધારતા રાજ્યના જિલ્લાઓના ઔદ્યોગિક અને સ્થાનિક વિકાસને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા વોકલ ફોર લોકલ, લોકલ ટુ ગ્લોબલની નેમ રિજનલ વાયબ્રન્ટ કોન્ફરન્સીસથી પાર પડી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગ જગતના અગ્રણીઓ, રોકાણકારો અને ઉદ્યોગ સાહસિકોને **VGRC**માં થનારા ડિસ્કશનને ડિસિઝનમાં, આઈડિયાઝને પ્રોજેક્ટ્સમાં અને પ્રોજેક્ટ્સને પ્રોસ્પેરિટીમાં પરિવર્તિત કરવા સાથે મળીને આગળ વધવાનું આહવાન કર્યું હતું. તેમણે આ **VGRC** માત્ર રોકાણનું પ્લેટફોર્મ નહી પરંતુ સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક તકો સાથે જોડવાનું સશક્ત માધ્યમ ગણાવી હતી. મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લાઓને આવરી લેતી બે દિવસીય **VGRC**માં રાજયના આ વિસ્તારોના ઔદ્યોગિક વિકાસના નવા અવસરો અને ભાગીદારીને મંચ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. **VGRC**ને સંતુલિત વિકાસનું નવું મોડેલ ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા બેલેન્સ્ડ ગ્રોથના વિચારને રાજ્ય સરકારે આગળ ધપાવ્યો છે. મહેસાણા, રાજકોટ અને સુરત એમ ત્રણ **VGRC**ની સફળતા બાદ હવે, મધ્ય ગુજરાતમાં દ્વિ દિવસીય ચોથી **VGRC** યોજાઈ રહી છે. અત્યાર સુધી યોજાયેલી ત્રણ **VGRC**માં કુલ ૯,૪૯૯ **MoU** દ્વારા અંદાજે રૂ. ૧૩.૩૦ લાખ કરોડના રોકાણો રાજ્યમાં આવ્યા છે તેમ તેમણે તેમણે ગૌરવસહ જણાવ્યું હતું.

મધ્ય ગુજરાતને રાજ્યના વિકાસનું હૃદય ગણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડોદરા, આણંદ, ખેડા, પંચમહાલ,



છોટાઉદેપુર અને દાહોદ જેવા જિલ્લાઓ મેન્યુફેક્ચરિંગ, એન્જિનિયરિંગ, ફાર્મા, એગ્રી ફૂડ પ્રોડક્ટ્સ અને **MSME** ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

વડોદરા પેટ્રોકેમિકલ્સ, સ્પેશિયાલિટી કેમિકલ્સ, ઈવી ઈક્વિપમેન્ટ અને ટાટા એરબસ ઝ-૨૯૫ જેવા એરોસ્પેસ પ્રોજેક્ટ્સના કારણે નવા ઉદ્યોગ ક્ષેત્રોમાં આગેવાની કરી રહ્યું છે. આણંદ દેશનું મિલ્ક કેપિટલ છે અને અમૂલ બ્રાન્ડ વિશ્વમાં ભારતની ઓળખ બની છે તેમજ ખેડા જિલ્લામાં ફૂડ પ્રોસેસિંગ અને **MSME** ક્ષેત્રે મોટી સંભાવનાઓ રહેલી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ૨૦૦૩માં શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત બિઝનેસ સમિટની બે દાયકાની સફળતાથી ગુજરાત આજે ગ્લોબલ ગેટવે ટુ ધી ફ્યુચર બન્યુ છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, જ્યારે આવી બિઝનેસ સમિટ યોજવાનો વિચાર પણ કોઈ કરી શકતુ ન હોતું ત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વભરના રોકાણકારો ગુજરાતમાં આવે તેવું સપનું જોયું હતું તે આજે સાકાર થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત આજે બેસ્ટ ડેસ્ટિનેશન ઓફ ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે અને ઉદ્યોગોની ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ભાગીદારી મજબૂત બનાવવા તથા તેને વધુ ગતિ આપવા માટે રાજ્ય સરકારે નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસી-૨૦૨૬ જાહેર કરી છે. આ પોલિસીમાં **MSME,** મહિલા ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટઅપ્સ અને નવા ઉદ્યોગ ક્ષેત્રો માટે અનેક ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ઈન્સેન્ટિવ્સનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, પ્રથમ વખત "ચૂઝ યોર ઈન્સેન્ટિવ્ઝ" જેવી નવી પહેલ આ પોલિસીમાં કરવામાં આવી છે, જેમાં ઉદ્યોગો પોતાની જરૂરિયાત મુજબ ઈન્સેન્ટિવ પસંદ કરી શકશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ ગુજરાતને પોલિસી ડ્રિવન સ્ટેટની ઓળખ અપાવી છે. આજે ગુજરાત મજબૂત નીતિ માળખું, ગુડ ગવર્નન્સ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઝડપી નિર્ણય પ્રક્રિયાના કારણે અગ્રેસર બન્યું છે અને આપણે પોલિસી ડ્રિવન સ્ટેટથી વિકસિત ભારત બનવાની દિશા અપનાવી છે

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ આપેલા મેક ઈન ઈન્ડિયા, મેડ ફોર ધ વર્લ્ડ, આત્મનિર્ભર ભારત, ડિજિટલ ભારત અને ગ્રીન ગ્રોથ જેવા અભિયાનો સાથે ગુજરાત નવી અર્થવ્યવસ્થાના નિર્માણમાં અગ્રીમ યોગદાન આપી રહ્યું છે, વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા માટે ઉદ્યોગ, વેપાર, રોકાણ અને ઈનોવેશનની શક્તિ સાથે આગળ વધવાનો તેમણે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય મંત્રી શ્રી મનોહરલાલ

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી મનોહર લાલ ખટ્ટરે કહ્યું કે, કોઈ પણ રોકાણકાર રોકાણ કરતા પહેલા વિચાર કરે છે જ્યાં એ રોકાણ કરે છે, તે સ્થાન રોકાણ માટે કેટલું ઉચિત છે. શું આ એ સ્થાન છે, જ્યાં તેનો ઉદ્યોગ વિશ્વાસ સાથે આગળ વધી શકે છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આ ઉદ્દેશને વધુ સફળ બનાવવામાં યોગદાન આપે છે. રોકાણકારને વિશ્વાસ હોવો જોઈએ કે સરકારની સ્થિર નીતિઓ, વિશ્વસનીય વીજળી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એ તમામ જરૂરી વ્યવસ્થા મળે, જેથી તેનો ઉદ્યોગ સફળ થાય. આ વિશ્વાસ જ ગુજરાતની સૌથી મોટી તાકાત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, તે સમયથી પોલિસી સ્ટેબિલિટી, કુશળ વહીવટ અને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, તે રાજ્યને વૈશ્વિક રોકાણ માટે એક પ્રમુખનું કેન્દ્ર બનાવે છે. વાઈબ્રન્ટ ગુજરાત એ વિચારનું પ્રતિક છે, જ્યાં સરકાર અને ઉદ્યોગ વિકાસના ભાગીદાર છે. આ વિચાર જ આજે ભારતની વિકાસયાત્રાનો આધાર બન્યો છે તેમ તેમણે જણાવ્યું હતું. ઉદ્યોગો માટે રિલાયેબલ પાવર ખૂબ જરૂરી છે. રિલાયેબલ પાવર એ મજબૂત અર્થવ્યવસ્થાની આધારશિલા છે. ગુજરાત આ રિલાયેબલ પાવરમાં ઘણું મોટું યોગદાન આપે છે. ઉદ્યોગો , **MSME,** ડેટા સેન્ટર, મેટ્રો રેલ અને નવી તકનીકો માટે વીજળી વ્યવસ્થાનું યોગ્ય આયોજન જરૂરી છે. આઝાદ ભારતની સૌથી પીક પાવર ડિમાન્ડ આ વર્ષે ૨૭૧ ગીગાવોટની રહી છે, તેની અમે આપૂર્તિ કરી છે. અમારી તૈયારી ૨૮૪ ગીગાવોટ સુધીની હતી. આગામી વર્ષોમાં ડેટા સેન્ટર, ઈવી વાહનો, એઆઈના લીધે પાવર ડિમાન્ડ વધશે તેથી અમે ૩૦૦ ગીગાવોટ સુધીની તૈયારી કરી રાખી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# અંબાજી ભાદરવી પુનમને લઈ ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ : ડીઝીટલ પાસ અને હાઈટેક સીસીટીવી સર્વેલન્સ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આગામી સમયમાં યોજાનારા ભાદરવી પુનમના મહામેળાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે પાટનગર ગાંધીનગરમાં એક મહત્વપૂર્ણ અને ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. ગૃહ રાજયમંત્રી અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ઉચ્ચ અધિકારીઓની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકનો મુખ્ય ઉદેશ મેળા દરમિયાન આવતા લાખો માઈભકતોની સુરક્ષા, સુવિધા અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ કરવાનો હતો. ચાલુ વરસે યાત્રિકોના ઘોડાપુર ને ધ્યાનમાં રાખીને વહિવટી તંત્ર દ્વારા કેટલાક અભુતપૂર્વ અને આધુનિક નિર્ણયો લેવામાં આવ્યા છે. ચાલુ વરસે મેળામાં ભીડ નિયંત્રણ અને દર્શનની પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે ખાસ ડીઝીટલ પાસ સિસ્ટમ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. શ્રધ્ધાળુઓ અગાઉથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવીને સ્લોટ બુક કરી શકશે. જેથી મંદિરે લાંબી લાઈનોમાં કલાકો સુધી ઉભા રહેવુ ન પડે, આ ઉપરાંત સુરક્ષા વ્યવસ્થાને ચુસ્ત બનાવવા માટે અંબાજી તરફ આવતા તમામ પદયાત્રી માર્ગો અને મંદિર પરીસરમાં વધારાની આર્ટીફીશીયલ



ઈન્ટેલીજન્સ (એઆઈ) સજજ સીસીટીવી કેમેરા સિસ્ટમ તૈનાત કરવામાં આવશે. કંટ્રોલ રૂમ દ્વારા પળેપળનુ મોનીટરીંગ કરવામાં આવશે. જેથી કોઈપણ અપ્રિય ઘટનાને અટકાવી શકાય. બેઠકમાં એસટી નિગમના અધિકારીઓને મેળા દરમિયાન રાજયના ખુણે ખુણે થી વધારાની સ્પેશ્યલ બસો દોડાવવા માટે સુચના આપવામાં આવી રહી છે. જેથી પદયાત્રીઓ અને અન્ય યાત્રીકોને પરીવહનની કોઈ સમસ્યા ન નડે. આરોગ્ય વિભાગ દ્વારા અંબાજી જતા માર્ગો પર દર થોડા કિલોમીટરે તબીબી કેન્દ્રો અને એમ્બ્યુલન્સ ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને મેળાના સ્ટોલ્સ પર શુધ્ધ ખાણી પીણી મળી રહે તે માટે સતત ચેકીંગ કરવાના આદેશ અપાયા છે. ગૃહ રાજયમંત્રીએ બેઠકમાં સ્પષ્ટ કહ્યુ હતુ કે લાખો શ્રધ્ધાળુઓની આસ્થાના પ્રતિક સમાન આ મેળામાં સુરક્ષા સાથે કોઈ સમજુતી કરવામાં નહી આવે, બનાસકાંઠા જિલ્લા પોલીસ ઉપરાંત વધારાનો પોલીસ કાફલો, એસઆરપી ની ટુકડીઓ અને પેરામેડીકલ સ્ટાફ મેળા પૂર્વે જ તૈનાત કરી દેવામાં આવશે. પદયાત્રીઓ માટે સેવા કેમ્પો ને પણ ચોકકસ નિયમો અને મંજુરી સાથે જ મંજુરી અપાશે. વહિવટી તંત્ર દ્વારા આગામી દિવસોમાં સ્થાનિક સ્તરે પણ સમીક્ષા બેઠકોનો દોર ચાલુ રાખવામાં આવશે. જેથી આ વર્ષ નો ભાદરવી પુનમનો મેળો શાંતિપૂર્ણ અને સુમેરભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ શકે.

# વિકાસના દાવાઓ વચ્ચે ભ્રષ્ટાચારનો નગ્ન ખેલ: ભરેલા તળાવોના નામે ગ્રાન્ટ લુંટનારા કૌભાંડીઓને કોનુ પીઠ બળ?

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં સરકારી યોજનાઓમાં મોટા પાયે ગેરરીતી થતી હોવાના આરોપો સામે આવતા રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. કોંગ્રેસ દ્વારા આ મામલે કરોડો રૂપીયાના ભ્રષ્ટાચારનો દાવો કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. ઝામડી, ગેડી, જસમતપુર, જનશાળ અને દેવપરા ગામે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તેમજ પૂર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકી ગ્રામજનો સાથે સ્થળ પર પહોચ્યા હતા. નૌશાદ સોલંકીએ સમગ્ર જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાનુ સૌથી મોટુ કૌભાંડ થયાનો આક્ષેપ કર્યો છે. મળતી માહિતી મુજબ સરકારની મહત્વકાંક્ષી સુજલામ સુફલામ




યોજના અંતર્ગત લીંબડી વિસ્તારમાં કરોડો રૂપીયાની ગેરરીતી થતી હોવાના આક્ષેપો લાગ્યા છે.

કોંગ્રેસનો આરોપ છે કે જે તળાવો વરસોથી પાણી થી ભરેલા છે, તેમાં પણ વહિવટી તંત્ર અને જવાબદારો દ્વારા કામગીરીના નામે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. ગંભીર આક્ષેપ એવા પણ કરવામાં આવ્યા છે કે વાસ્તવિક સ્થિતિમાં ભરેલા જોવા મળતા તળાવોમાં માત્ર કાગળ પર અથવા ખોટી રીતે કામ દર્શાવી દેવામાં આવ્યુ હતું. આ તળાવના નામે માત્ર કામગીરીની વિગતો ઉભી કરીને મોટી રકમ બારોબાર ઉપાડી લેવામાં આવી છે અને ચુકવણુ પણ કરી દેવાયુ છે. એવામાં જવાબદારી અધિકારીઓ વિરૂધ્ધ નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

# સુરેન્દ્રનગરમાં વિકાસના નામે વિનાશ : માત્ર ૩૬ દિવસ પહેલા બનેલો પુલ પત્તાના મહેલની જેમ તુટયો : કોન્ટ્રાકટરે કહ્યું ટકાવારી આપવાની હોય એટલે કામ આવુ જ થાય

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર ભલે રાજયમાં વિકાસના મોટા મોટા દાવા કરતી હોય, પરંતુ સુરેન્દ્રનગરમાંથી વધુ એક વિકાસના કામમાં ભ્રષ્ટાચારનુ મસમોટુ કૌભાંડ બહાર આવ્યુ છે.

સુરેન્દ્રનગરના બોરાણા નજીક ગ્રામજનોની અવર જવર માટે અત્યંત મહત્વનો ગણાતો એક પુલ લોકાર્પણના માત્ર ૩૬ જ દિવસમાં ધરાશાયી થઈ ગયો છે. પત્તાના મહેલની જેમ તુટી પડેલા આ પુલને કારણે તંત્ર અને કોન્ટ્રાકટરની મીલીભગત ખુલ્લી પડી ગઈ છે. જેને પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક સુત્રોના જણાવ્યા અનુસાર બોરાણા નજીક નાળા પર આ પુલ બનાવવામાં આવ્યો હતો. આ પુલ ગ્રામજનો માટે અવર જવરનો મુખ્ય માર્ગ છે. ભારે હોબાળા અને લાંબી રાહ જોયા બાદ આ પુલને માત્ર ૩૬ દિવસ પહેલા જ જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પરંતુ નબળી ગુણવત્તાના કામના કારણે ગણતરીના દિવસોમાં જ પુલના પોપડા ઉખડવા લાગ્યા હતા અને જોત જોતામાં આખો પુલ કકડભુસ થઈને તુટી પડયો હતો. સદનસીબે પુલ તુટયો તે સમયે કોઈ મોટી જાનહાની થઈ નથી. પરંતુ વિકાસના કામોમાં કેવી લાલીયાવાડી ચાલે છે તેનો જીવતો જાગતો પુરાવો આ ઘટના છે.



આ મામલે ગ્રામજનોએ ચોંકાવનારા આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે જયારે પુલનુ કામ ચાલી રહ્યુ હતુ ત્યારે જ મટીરીયલ અત્યંત નબળી કવોલીટીનુ વપરાતુ હોવાનુ ધ્યાને આવ્યુ હતું. આ અંગે ગ્રામજનોએ જે તે સમયે હાજર અધિકારીઓ અને કોન્ટ્રાકટરને લેખિત તેમજ મૌખિક રજુઆતો કરી હતી. ગ્રામજનોની રજુઆત સાંભળીને કોન્ટ્રાકટરે અત્યંત નિર્લજજ જવાબ આપતા કહ્યુ હતુ કે અમારે ઉપર સુધી ટકાવારી(કમિશન) આપવાનુ હોય એટલે કામ તો આવુ જ નબળુ થશે. કોન્ટ્રાકટરના આ વિવાદાસ્પદ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ભ્રષ્ટાચારના મુળ કેટલા ઉંડા છે. અધિકારીઓ અને નેતાઓને અપાતી ટકાવારી ના ચકકર માં જનતાના ટેક્ષના પૈસા પાણીમાં વહી રહ્યા છે. અને લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. ચાલવા માટેનો મુખ્ય પુલ જ તુટી જતા બોરાણા અને આસપાસના ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વિકાસના કામોમાં વિનાશ. સમાન આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં તંત્ર સામે ફીટકારની વર્ષા થઈ રહી છે. સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે આ નબળા કામ માટે જવાબદાર ભ્રષ્ટ કોન્ટ્રાકટર અને આંખ આડા કાન કરનારા સરકારી અધિકારીઓ વિરૂધ્ધ તાત્કાલીક કડક કાયદાકીય પગલા લેવામાં આવે અને તેમને જેલ ભેગા કરવામાં આવે, હવે જોવાનુ એ રહેશે કે સરકાર આ ખુલ્લેઆમ થયેલા ભ્રષ્ટાચાર સામે કોઈ કડક કાર્યવાહી કરે છે કે પછી દર વખતની જેમ તપાસના નામે આ કૌભાંડ પર પણ પડદો પાડી દેવામાં આવશે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સિસ દરમિયાન iNDEXTbને ગિનેસ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર અર્પણ

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વડોદરામાં આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સિસ દરમિયાન ગુજરાત સરકારની સત્તાવાર રોકાણ પ્રોત્સાહન સંસ્થા **iNDEXTb**ને ગિનેસ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું.

**iNDEXTb**એ **K and D Communication Limited** સાથે મળીને ગત ૨જી મે, ૨૦૨૬ના રોજ સુરત ખાતે યોજાયેલા બિઝનેસ એક્સ્પોઝિશનમાં ફક્ત ૧૧ જ દિવસમાં સૌથી વધુ પ્રદર્શકો કુલ-૩૫૦ જેટલા પ્રદર્શકો જોડાવાનો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો હતો. આ સિદ્ધિને માન્યતા આપતાં ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. નોંધનિય છે કે, **iNDEXTb** ગુજરાત સરકારની સત્તાવાર રોકાણ




પ્રોત્સાહન સંસ્થા તરીકે રોકાણકારો માટે સિંગલ પોઈન્ટ ઑફ કોન્ટેક્ટ તરીકે કાર્ય કરે છે. સંસ્થા રોકાણ પ્રક્રિયાને સરળ બનાવવા માટે માર્ગદર્શન, જરૂરી સુવિધાઓ અને નીતિ આધાર પૂરો પાડીને રાજ્યના ઔદ્યોગિક તેમજ સામાજિક-આર્થિક વિકાસને વેગ આપવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ **iNDEXTb**ની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને રાજ્યના સર્વાંગી ઔદ્યોગિક વિકાસ માટે તેની કામગીરીને બિરદાવી હતી.

### 'જળ અભિયાન' થકી છેલ્લા આઠ વર્ષમાં જળ સંગ્રહશક્તિની ક્ષમતામાં કુલ ૧,૩૮,૦૩૯ લાખ ઘન ફૂટનો રેકોર્ડબ્રેક વધારો

# 'સુજલામ સુફલામ જળ અભિયાન' થકી જળ સંગ્રહશક્તિની ક્ષમતામાં આ વર્ષે ૨૦,૭૮૯ લાખ ઘન ફૂટનો વધારો- જળ સંપત્તિ મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ

### ચાલુ વર્ષે ૧૩,૩૧૫ કામો પૂર્ણઃ ૨.૩૦ લાખ માનવદિનની મળી રોજગારીઃ છેલ્લા ૮ વર્ષમાં ૧.૨૩ લાખથી વધુ જળસંચયના કામો સંપન્ન

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'કેચ ધ રેઈન' અભિયાન હેઠળ સમગ્ર રાજ્યમાં પાણીના સંગ્રહનો વ્યાપ વધારવા અને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના ઉમદા આશય સાથે ચલાવવામાં આવતું 'સુજલામ સુફલામ જળ અભિયાન' જનભાગીદારી થકી એક જ્વલંત લોકઆંદોલન બની ચૂક્યું છે.

આ વર્ષે 'સુજલામ સુફલામ જળ અભિયાન' થકી જળ સંગ્રહશક્તિની ક્ષમતામાં ૨૦,૭૮૯ લાખ ઘન ફૂટનો વધારો થયો છે.જ્યારે છેલ્લા ૮ વર્ષમાં રાજ્યની જળ સંગ્રહશક્તિમાં રેકોર્ડબ્રેક કુલ ૧,૩૮,૦૩૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો નોંધાયો છે.પાણી બચાવવા અને તેનો બગાડ અટકાવવા માટે લોકમાનસમાં જાગૃતિ આવે તેવી દીઘર્દ્રષ્ટિ સાથે છેલ્લા ૦૮ વર્ષથી આ અભિયાન સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી રહ્યું છે તેમ,જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું.

જળ સંપત્તિ મંત્રી શ્રી પટેલે વધુમાં કહ્યું હતું કે, આ વર્ષે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતેથી આ અભિયાનનો રાજ્યવ્યાપી ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના કુશળ માર્ગદર્શન હેઠળ ચાલુ વર્ષે સમગ્ર રાજ્યમાં મે ૨૦૨૬ સુધીમાં જુદા જુદા વિભાગોના સંકલનથી કુલ ૧૩,૩૧૫ કામો સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત પરંપરાગત જળ સ્રોતોના નવીનીકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. જેમાં ચાલુ વર્ષે મુખ્યત્વે તળાવો ઊંડા કરવાના ૨,૪૫૦ કામો, ચેકડેમ ડિસિલ્ટીંગના ૩,૬૬૧ કામો તથા ચેકડેમ રીપેરીંગના ૧,૧૬૦ કામો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૬૨૬ કિ.મી. લંબાઈમાં નહેરો તથા ૧,૨૭૭ કિ.મી. લંબાઈમાં કાંસોની સાફસફાઈ કરવામાં આવી છે. આ કામો થકી જળ સંગ્રહશક્તિની ક્ષમતામાં ૨૦,૭૮૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે. આ સાથે શ્રમિકો માટે અંદાજે ૨.૩૦ લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન થઈ છે. જળ સંપત્તિ મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, આ અભિયાનને સફળ બનાવવા માટે રાજ્ય સરકારના ૬ મુખ્ય વિભાગો - જળ સંપત્તિ, પાણી પુરવઠા વિભાગ, વન અને પર્યાવરણ, શહેરી વિકાસ , ગ્રામ વિકાસ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. એકસાથે મળીને કામગીરી કરી રહ્યા છે. આ કામોની મુખ્યત્વે ત્રણ પદ્ધતિઓ છે, જેમાં લોકભાગીદારી, મનરેગા યોજના અને વિભાગીય રીતે પૂર્ણ કરવામાં આવે છે. મંત્રીશ્રીએ આ અભિયાનની સિદ્ધિઓ જણાવતાં કહ્યું હતું કે,લાંબાગાળાના આયોજન અને સખત પરિશ્રમના પરિણામે છેલ્લા ૮ વર્ષમાં કુલ ૧,૨૩,૬૩૫ કામો હાથ ધરવામાં આવ્યા હતા. જે પૈકી મુખ્યત્વે તળાવો ઉંડા કરવા તેમજ નવા તળાવોના ૩૯,૭૭૦ કામો, ચેકડેમ ડિસિલ્ટીંગના ૨૬,૮૭૩ કામો તથા ચેકડેમ રીપેરીંગના ૭,૮૧૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કુલ ૮૦,૭૯૩ કિ.મી. લંબાઈમાં નહેરોની તથા કાંસની સાફસફાઈના કામો હાથ ધરવામાં કરવામાં આવ્યા હતા, જેના થકી જળ સંગ્રહશક્તિ ક્ષમતામાં કુલ ૧,૩૮,૦૩૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે જેમાં ૨૦૬.૭૩ લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન થઈ છે તેમ, મંત્રીશ્રીએ વિગતો આપતાં ઉમેર્યું હતું. -જનક દેસાઈ

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ – મંગલુરૂ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની અવધિ વધારવામાં આવી

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની વધારાની ભીડને ધ્યાનમાં રાખતાં અમદાવાદ અને મંગલુરૂ વચ્ચે સ્પેશિયલ ભાડા પર સંચાલિત કરવામાં આવી રહેલી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની અવધિનું વિસ્તરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આ ટ્રેન ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધી વધારાના ફેરા સાથે સંચાલિત કરવામાં આવશે, જેનાથી યાત્રીઓને વધુ સુવિધા ઉપલબ્ધ થશે તથા વધારાના યાત્રી ટ્રાફિકનું સુગમ વ્યવસ્થાપન કરી શકાશે.

ટ્રેન નંબર ૦૯૪૨૪ અમદાવાદ – મંગલુરૂ સાપ્તાહિક સ્પેશિયલ (દરેક શુક્રવાર) ચ૦૫ ફેરા]

ટ્રેન નંબર ૦૯૪૨૪ દરેક શુક્રવારના રોજ ૦૩ જુલાઈ, ૨૦૨૬ થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી અમદાવાદથી ૧૬:૦૦ કલાકે પ્રસ્થાન કરી બીજા દિવસે ૨૧:૦૦ કલાકે મંગલુરૂ જંકશન પહોંચશે.

મુખ્ય સ્ટોપેજઃ

આ ટ્રેન નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સૂરત, વાપી, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, ખેડ, ચિપલૂન, સાવર્ડા, સંગમેશ્વર રોડ, રત્નાગિરી, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, કણકવલી, સિંધુદુર્ગ, કુડાલ, સાવંતવાડી રોડ, થિવિમ, કરમાલી, મડગાંવ, કાણકોણ, કારવાર, અંકોલા, ગોકર્ણ રોડ, કુમટા, મુર્ડેશ્વર, ભટકલ, મૂકામ્બિકા રોડ બૈંદૂર, કુંદાપુરા, ઉડુપી, મુલ્કી અને સુરતકલ સ્ટેશનો પર રોકાશે.

કોચ સંરચનાઃ

આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર કલાસ અને સામાન્ય દ્વિતીય શ્રેણીના ડબ્બા ઉપલબ્ધ રહેશે.

બુકિંગ માહિતીઃ

ટ્રેન નંબર ૦૯૪૨૪ નુ બુકિંગ ૩૦ જૂન, ૨૦૨૬ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ઉપલબ્ધ થશે. યાત્રીઓને જણાવવામાં આવે છે તેઓ યાત્રાથી પહેલાં ટ્રેનના સમય, સ્ટોપેજ, અને અન્ય વિગતોની માહિતી માટે www. enquiry. indianrail. gov.in નું અવલોકન કરે.

# મેડટેક ક્ષેત્રે ગુજરાતની વૈશ્વિક છલાંગઃ ગાંધીનગરમાં 'ગુજરાત ટુ ગ્લોબલ' સેમિનાર સાથે મેડિકલ ડિવાઈસ હબ રાજ્યને બનાવવાનો સેમિનારમાં રોડમેપ તૈયાર કરાયો

### મેડિકલ ઉપકરણોના મેન્યુફેક્ચરિંગમાં ગુજરાત નવો ઈતિહાસ રચવા તૈયારઃ ગાંધીનગરમાં યોજાયો હાઈ-લેવલ 'મેડટેક' સેમિનાર

ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન **-GRIT**, એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર મેડિકલ ડિવાઈસીસ **-EPCMD** અને **NIPER** - અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતે એક દિવસીય "ગુજરાત ટુ ગ્લોબલઃ એમ્પાવરિંગ ધ મેડટેક ઈકોસિસ્ટમ" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતને ભારતના સૌથી શ્રેષ્ઠ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક મેડિકલ ટેકનોલોજી હબ તરીકે વિકસાવવાનો છે.

**GRIT** ના સી.ઈ.ઓ. સુશ્રી એસ. અપર્ણાની અધ્યક્ષતામાં યોજાયેલા ઉદ્ઘાટન સત્રમાં વક્તાઓએ 'વિકસિત ગુજરાત ૨૦૩૦' ના રોડમેપ અને દેશની વ્યાપક મેડટેક મહત્વાકાંક્ષાઓમાં ગુજરાતની સક્રિય ભૂમિકા પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત **GRIT** ના સી.ઈ.ઓ. સુશ્રી એસ. અપર્ણાએ સેમિનારના માધ્યમથી આગામી સમયમાં ગુજરાત ભારતનું સૌથી શ્રેષ્ઠ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક મેડિકલ ટેકનોલોજી હબ બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે એવી દ્રઢ આશા વ્યક્ત કરી હતી.

આ સેમિનારમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા રાજ્યના ઝડપથી વિકસતા તબીબી ઉપકરણોના વૈશ્વિક પરિદ્રશ્ય -સિનેરિયો પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના પરંપરાગત એસેમ્બલી કામકાજથી આગળ વધીને ઉચ્ચ સ્તરના, નિકાસ-આધારિત ઉત્પાદન તરફ જવા તેમજ રાષ્ટ્રીય તબીબી ઉપકરણ નીતિ અને ભારતના વ્યાપક મેડટેક વિઝન સાથે ઉદ્યોગ વિકાસને સંરેખિત કરવાની તાતી જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

કાર્યક્રમના ટેકનિકલ સત્રોમાં આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રવેશ મેળવવા માટેની વૈશ્વિક સબમિશન વ્યૂહરચનાઓ અને નિકાસ-તૈયાર ગુણવત્તા પ્રણાલીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાતો દ્વારા **510(k), De Novo, PMA, EU MDR** અને **EU IVDR** જેવા નિયમનકારી માર્ગો તેમજ **ISO** ૧૩૪૮૫, **FDA QMSR** અને **MDSAP** સહિતના ગુણવત્તા ધોરણોને આવરી લઈને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ડૉ. તમન્ના ચતુર્વેદી દ્વારા મેડિકલ ડિવાઈસીસ સેક્ટર માટે **FTA** -ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના ઉપયોગ પર રજૂ કરાયેલા વિગતવાર પ્રેઝન્ટેશનને તમામ સહભાગીઓ દ્વારા ખૂબ પ્રશંસા મળી હતી. સેમિનારના અંતિમ સત્રમાં ગુજરાતમાં મેડિકલ ડિવાઈસ પાર્કની આસપાસ એક મજબૂત અને ભવિષ્ય માટે તૈયાર ઈકોસિસ્ટમના વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. જેમાં પ્લગ-એન્ડ-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોમન ટેસ્ટિંગ લેબોરેટરીઓ, નસબંધી સુવિધાઓ, કેલિબ્રેશન સેન્ટરો, ઈન્ક્યુબેશન સપોર્ટ, સપ્લાય ચેઈન સ્થાનિકીકરણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગ જેવા મહત્વના મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહ્યા હતા. આ ચર્ચાઓમાં ગુજરાતમાં વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા અને મોટા પાયે રોકાણ આકર્ષવાની રાજ્યની અપાર સંભાવનાઓ પર મહાનુભાવો દ્વારા વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, ગુજરાત પાસે વૈશ્વિક મેડિકલ ડિવાઈસ ઉત્પાદનનું અગ્રણી કેન્દ્ર બનવા માટે યોગ્ય નીતિગત વાતાવરણ, મજબૂત માળખાકીય સુવિધાઓ અને સહયોગી ઈકોસિસ્ટમ ઉપલબ્ધ છે જે મોટા પાયે રોકાણો આકર્ષવામાં સક્ષમ છે. આ કાર્યક્રમમાં ભારત સરકારના ફાર્માસ્યુટિકલ્સ વિભાગના સંયુક્ત સચિવ શ્રી અમન શર્મા, વાણિજ્ય વિભાગના સંયુક્ત સચિવ શ્રી અમિત વર્મા, **CDSCO**ના ડેપ્યુટી ડ્રગ કંટ્રોલર શ્રી અસીમ શાહુ અને **NIPER** અમદાવાદના નિર્દેશક ડૉ. શૈલેન્દ્ર સરાફ સહિત મેરિલ લાઈફસાયન્સ, **SMT, BPL** અને ફિલિપ્સ ઈન્ડિયાના ઉદ્યોગ જગતના અગ્રણીઓએ નીતિગત સહાય, બજાર ઍક્સેસ અને ઉત્પાદન સ્પર્ધાત્મકતા પર પોતાના દ્રષ્ટિકોણ રજૂ કર્યા હતા. - પ્રિન્સ ચાવલા

# અમદાવાદના નિકોલમાં દારૂના નશામાં યુવકનો હંગામો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નિકોલ વિસ્તારમાં દારૂના નશામાં ધૂત એક યુવકે જાહેરમાં હંગામો મચાવ્યો હોવાની ઘટના સામે આવી છે. નિકોલની ચાણક્ય સ્કૂલ નજીક બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચર્ચા જાગી છે.

શરૂઆતમાં એવા આક્ષેપો થયા હતા કે આ યુવકે ત્યાંથી પસાર થતી એક યુવતીની છેડતી કરી હતી. ઘટના સમયે એક યુવતી અને અન્ય લોકો બાઈક પર પસાર થઈ રહ્યા હતા, ત્યારે નશામાં ધૂત આ યુવક તેમની ગાડી સાથે અથડાયો હતો. આ બાબતને લઈને આસપાસના સ્થાનિક લોકો ભારે રોષે ભરાયા હતા.

ઉશ્કેરાયેલા લોકોએ યુવકને ઘટનાસ્થળે જ પકડી લીધો હતો અને જાહેરમાં તેનો બરાબરનો 'મેથીપાક' ચખાડ્યો હતો. ત્યારબાદ લોકોએ તેને પોલીસના હવાલે કરી દીધો હતો. આ અંગે પોલીસે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, નિકોલ વિસ્તારમાં આવેલી ચાણક્ય સ્કૂલ નજીક એક યુવતી અને અન્ય કેટલાક લોકો બાઈક પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે દારૂના નશામાં ચાલતા આવતા આ યુવકે તેની કારને ટક્કર મારી હતી. ત્યારબાદ યુવકે યુવતીની છેડતી કરી હોવાથી આસપાસથી મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. રોષે ભરાયેલા સ્થાનિકોએ આ યુવકને ઘટનાસ્થળે જ ઝડપી લીધો હતો અને જાહેરમાં તેને બરાબરનો મેથીપાક ચખાડી પોલીસના હવાલે કરી દીધો હતો.

આ ઘટના અંગે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના **PI** એ જણાવ્યું કે, 'વાઈરલ થયેલા વીડિયો અંગે અમે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી દીધો છે.

યુવક સામે અટકાયતી પગલાં પણ લઈ લીધા છે. આ ઘટનામાં કોઈ છેડતીનો બનાવ બન્યો નથી, પરંતુ માત્ર ધક્કો વાગ્યો છે. હકીકતમાં, છોકરી અને અન્ય લોકો બાઈક પર જતા હતા અને આ સ્થાનિક યુવક, જે કદાચ પીધેલી હાલતમાં હતો, તે ચાલતો ચાલતો આવીને તેમની ગાડી સાથે અથડાયો હતો. સ્થાનિકોએ તેને માર માર્યો હોવાની બાબતે પણ અમે અરજી લીધી છે અને જરૂરી અટકાયતી પગલાં લીધેલા છે.'

**પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન**

**સુધારો**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૦૧, ૨૦૨૬-૨૭ માં સુધારો ટેન્ડર નં. CWMCPOHADI2026-27-3

**કામનું નામ :** CPOH અમદાવાદ ખાતે ૧૨૦ ટ્રેક મશીનોનું ૦૩ વર્ષ માટે POH સંબંધિત સમારકામ. **સુધારેલ જાહેરાત NIT પડતર :** ₹ ૧,૩૫,૮૬,૫૭,૬૧૫.૦૩/- **સુધારેલ ઈએમડી પડતર રૂ. માં:** ₹ ૨,૭૧,૭૩,૨૦૦.૦૦/- **સુધારેલ ટેન્ડર બંધ થવાની અને ટેન્ડર ખુલવાની તારીખઃ** ૩૧/૦૭/૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે અને ૩૧/૦૭/૨૦૨૬ ના ૧૫:૧૫ કલાકે, **IREPS પર ટેન્ડર અપલોડ કર્યાની તારીખઃ** ૦૯/૦૬/૨૦૨૬, **સુધારાની રજુઆતની તારીખઃ** ૨૭/૦૬/૨૦૨૬.

ADI-083

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**TRD કાર્ય**

સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), વેસ્ટર્ન રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ઈ-ટેન્ડર સૂચના નં. WR-MMCTOESUB(ESOT)/7/2026 ને આમંત્રણ આપે છે. કામનું નામ: વસઈ રોડ - યુપી DIVA અને DN DIVAના અનિયંત્રિત OHE ને નિયમનકારી OHE માં રૂપાંતરિત કરવા અને ટ્રેક ઉપાડવા સંદર્ભે TRD કાર્ય. કામની અંદાજિત કિંમત: ₹ 5,02,09,327/- બિડ સુરક્ષા: ₹10,04,200/- સબમિશનની તારીખ અને સમય: તા.24.07.2026 ના રોજ બપોરે 15:00 કલાક પછી નહીં. ખુલવાની તારીખ અને સમય: તા. 24.07.2026 ના રોજ બપોરે 15:30 કલાકે. વેબસાઇટ વિગતો: ટેન્ડર વેબસાઇટ www.ireps gov.in પર જોઈ અને સબમિટ કરી શકાય છે.

0313

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# સુરતમાં નર્સે ટૂંકાવ્યું જીવનઃ હોસ્પિટલમાં આવેલા રહેઠાણમાં ભર્યું અંતિમ પગલું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના પર્વત પાટિયા વિસ્તારમાં વધુ એક નર્સના આપઘાતની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે.

ખંડેલવાલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતી મંજુલાબેને હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલા રહેઠાણમાં રવિવારે રાતે અંદાજે ૩ વાગ્યાની આસપાસ જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મંજુલાબેન છેલ્લા ત્રણ મહિનાથી ખંડેલવાલ હોસ્પિટલમાં નોકરી કરતા હતા અને હોસ્પિટલના કેમ્પસમાં જ રહેતા હતા. સવારે ઘટના સામે આવતા હોસ્પિટલ સ્ટાફમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. હોસ્પિટલ સંચાલન દ્વારા પણ પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી.

મંજુલાબેન મૂળ છોટાઉદેપુર જિલ્લાના જેસર ગામના રહેવાસી હતા. તેમના લગ્ન લગભગ ત્રણ વર્ષ પહેલાં થયા હતા. તેમના પતિ હાલમાં વડોદરામાં ખાનગી કંપનીમાં નોકરી કરે છે. અચાનક બનેલી આ ઘટનાના સમાચાર મળતા પરિવારજનો સુરત દોડી આવ્યા હતા. પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાથમિક તપાસમાં આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને પરિવારજનો, હોસ્પિટલ સ્ટાફ તેમજ નજીકના લોકોના નિવેદનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે.

### મીડિયા જગત પર ઉદ્યોગ જૂથો નું વર્ચસ્વ

# આજે દેશમાં લોકશાહી પર જોખમ અને અઘોષિત કટોકટી સામે માનવ અધિકાર સંસ્થાએ વ્યક્ત કરી ચિંતા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સને ૧૯૭૫ ની કટોકટીની ઘોષણા ની વર્ષગાંઠની પૂર્વ સંધ્યાએ ગયા મંગળવારે પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે "લોકશાહી માટે જોખમો અને આગળના પડકારો" વિષય પર એક ચર્ચાનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમ દેશના ચાર અગ્રણી માનવ અધિકાર સંગઠનો પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL) દિલ્હી, પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઈટ્સ (PUDR) , સિટીઝન ફોર ડેમોક્રેસી (CFD), અને જન હસ્તક્ષેપ દ્વારા રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં કાનૂની નિષ્ણાતો, પત્રકારો અને નાગરિક અધિકાર કાર્યકરોને કટોકટીના પાઠ પર ચિંતન કરવા અને ભારતની લોકશાહી સંસ્થાઓ સામેના સમકાલીન પડકારોનું મૂલ્યાંકન કરવા માટે એકત્ર કરવામાં આવ્યા હતા. કાંરવાના સંપાદક હતોર્ષ બાલે એ દલીલ કરી હતી કે, કટોકટી ઔપચારિક રીતે જન આંદોલન અને ચૂંટણી હાર દ્વારા સમાપ્ત થઈ હતી. જ્યારે આજે ભારતીય લોકશાહી સામેના પડકારો મૂળભૂત રીતે અલગ છે. કટોકટીના સમયગાળામાં અખબારો પર ખુલ્લેઆમ સેન્સર શીપ લાદવામાં આવી હતી. આજે સમકાલીન મુખ્ય પ્રવાના મીડિયા મોટેભાગે ઔપચારિક સેન્સરશિપ સાથે કાર્ય કરે છે. કારણ કે તેની માલિકી શાસક સંસ્થાની વિચારધારા સાથે વ્યાપક પણે જોડાયેલી છે.

આજના સમયમાં મીડિયામાં માલિકી શક્તિશાળી વ્યવસાયિક હિતોના હાથમાં કેન્દ્રીત છે. તેમણે (સંપાદક હતોર્ષ બાલે) દલીલ કરી હતી કે શ્રીમંત ઔદ્યોગિક જૂથોએ ઐતિહાસિક રીતે મીડિયા પર નોંધપાત્ર પ્રભાવ પાડ્યો છે અને દાવો કર્યો હતો કે તેમની અખબારો ની રાજકીય અને વૈચારિક સહાનુભૂતિ ઘણીવાર હિન્દુત્વ સાથે સુસંગત રહી છે. તેમણે (બાલે) વધુમાં જણાવ્યું હતું કે આર્થિક ઉદારીકરણે સમાચાર સંગઠનો પર કોર્પોરેટ પ્રભાવને વધુ મજબૂત બનાવ્યો છે. અને ખાસ કરીને સ્વતંત્ર ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ અને યુટ્યુબ ચેનલ ના ઉદ્ભવે આજે લોકોને સત્ય જાણવા મળી રહ્યુ છે. પરંતુ આવી ચેનલને સતત ગ્રાઉન્ડ રિપોર્ટિંગ માટે જરૂરી નાણાંકીય સાધનોનો અભાવ છે. એ પણ કડવી વાસ્તવિકતા છે.જે સ્વીકારવી જ રહી.

### મણિપુરમાં નાકાબંધી ના કારણે

# ગેસના સિલિન્ડરનો ભાવ ૫૦૦૦ રૂપિયા, જ્યારે ૫૦ કિલો ચોખાનો ભાવ ૪૦૦૦ રૂપિયા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં છેલ્લા ત્રણ વર્ષ ઉપરાંત થી ભડકે બળતું મણિપુર બે સમુદાયોની દુશ્મનીને કારણે આજે સળગી રહ્યું છે. છતાં કેન્દ્ર સરકાર આ અંગે હજુ કોઈ નિર્ણય નહીં લઈ શકતા હવે જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવ આસમાને ઊડી રહ્યા છે. કારણ કે મણિપુરના કુકી સમુદાયનો પ્રભુત્વ ધરાવતા કાંગ પોકપી જિલ્લામાં લાદવામાં આવેલી આર્થિક નાકાબંધી ને કારણે આવશ્યક ચીજવસ્તુ ઓની અછત સર્જાઈ છે. ૫૦ કિલો ચોખાની ગુણીનો ભાવ ૧૪૦૦ રૂપિયા થીં ૧૭૦૦ રૂપિયાથી વધીને ૪૦૦૦ રૂપિયા થઈ ગયો છે.જ્યારે કાળાબજારમાં રાંધણગેસ ના સિલિન્ડરનો ભાવ ૫૦૦૦ રૂપિયા થયો છે. પેટ્રોલ પણ હવે ૨૫૦ થી ૨૮૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાય છે. નાગા જૂથોએ તાજેતરમાં નેશનલ હાઈવે- ટુ પર વિરોધ પ્રદર્શન અને રસ્તા રોકો કર્યા પછી આ પરિસ્થિતિ ઉભી થઈ છે. તેમને અપહરણ કરાયેલા છ નાગાઓની હત્યા માટે ન્યાયની માંગણી કરી હતી. આ પ્રતિબંધોને કારણે પહાડી જિલ્લાઓમાં ખોરાક અને અન્ય આવશ્યક પુરવઠો લઈ જતા ફ્યુઅલ ટેક્રો અને ટ્રકોની અવરજવરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ક્યાંક આવી ટ્રકોને બાળી નાંખવામાં આવી છે. પુરવઠા ના અભાવને કારણે ઘણા લોકોને રસોઈ માટે લાકડાનો ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે. આછે આજના મણીપુર ની હાલત!!!

# ડેડીયાપાડામાં હવે આદિવાસી સહિત વિવિધ સમાજ આવશે મેદાને : ચૈતર વસાવાના સમર્થનમાં સામાજિક જનસમર્થન સભા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ડીડીયાપાડાના એપીએમસી માર્કેટ (હાટ બજાર) ખાતે ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આદિવાસી સમાજના વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ, સમાજના ચુંટાયેલા પ્રતિનિધિઓ તેમજ વિવિધ સમાજના આગેવાનોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી તારીખ ૨ જુલાઈના રોજ ડેડીયાપાડાના પીઠા ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૧ કલાકે સામાજિક જનસમર્થન સભા યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. બેઠકમાં જણાવવામાં આવ્યુ હતુ કે આ જનસમર્થન સભામાં ગુજરાતના વિવિધ વિસ્તારો ઉપરાંત અંબાજીથી ઉંમરગામ સુધીના આદિવાસી સમાજના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજરી આપશે. સાથે જ રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના સામાજિક આગેવાનો, ધારાસભ્યો, સાંસદો તેમજ વિવિધ સમાજના પ્રતિનિધિઓ પણ પોતાના કાર્યકર્તાઓ અને સમર્થકો સાથે ઉપસ્થિત રહેવાના છે.

આયોજકોના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ધારાસભ્ય ચૈતર વસાવા સહિત ૯ લોકોને ન્યાય મળે તે માટે સામાજિક સ્તરે એક જુટ થઈને અવાજ ઉઠાવવાનો છે. બેઠકમાં ભારપૂર્વક જણાવ્યુ હતુ કે સમગ્ર કાર્યક્રમ સંપૂર્ણ શાંતિપૂર્ણ અને કાયદાનુ પાલન કરીને યોજવામાં આવશે. બેઠક દરમિયાન સમાજના આગેવાનોએ વિવિધ વિસ્તારના લોકોને ૨ જુલાઈના રોજ સવારે ૧૧ વાગે ડેડીયાપાડાના પીઠા ગ્રાઉન્ડ ખાતે યોજાનારી સામાજિક જનસમર્થન સભામાં મોટી સંખ્યામાં જોડાવવા અપીલ કરી હતી. આયોજકોનુ કહેવુ છે કે આ સભા દ્વારા સામાજિક એકતા અને ન્યાયની માંગ ને લોકશાહી ઢબે રજુ કરવામાં આવશે. તેમજ સમાજની એકજુટતા દર્શાવવામાં આવશે.

# આઈપીએસ અધિકારીઓની બદલીઓ કયારે? જુન અંતમાં કે જુલાઈમાં?

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતના પોલીસતંત્રમાં પોલીસ અધિકારીઓની બદલીનો પ્રશ્ન પેચીદો બની ગયો છે. લાંબા સમયથી રાહ જોઈ રહેલા અધિકારીઓ બદલી કયારે આવશે તેની સતત ચર્ચા કરતા નજરે પડે છે. હવે તો મોટાભાગના લોકો પુછી રહી રહ્યા છે કે બદલીના હુકમો જુન માં આવશે કે જુલાઈમાં ? જો કે આ અંગેનો કોઈ સ્પષ્ટ જવાબ મળતો નથી. રાજયમાં બે સીનીયર અધિકારી વાબાંગ ઝમીર અને સૌરભ તોલંબીયા લાંબા સમયથી પોસ્ટીંગની રાહ જોઈને બેઠા છે. આ ઉપરાંત અમદાવાદ પોલીસ કમિશ્નરની પોસ્ટ પણ ખાલી છે. જયારે સીઆઈડી ક્રાઈમના વડા કે એલ એન રાવ પણ નવી નિમણુંકની રાહ જોઈ રહ્યા છે. સીનીયર અધિકારીઓની બદલી લાંબા સમયથી પેન્ડીંગ છે અને કયારે થશે તે કોઈ કહી શકતુ નથી એટલે મોટાભાગના લોકો એવુ માની રહ્યા છે કે, આ ઓર્ડરો જુનના અંત સુધીમાં અથવા તો જુલાઈમાં આવશે, તો બીજી તરફ ડીવાયએસપી ને પ્રમોશન અને એએસપીને બઢતીનો પ્રશ્ન પણ પેન્ડીંગ છે. તેમાં પણ મોટી સંખ્યામાં ઓર્ડરો થવાના છે. ત્યારે સીનીયર અને એસપી કક્ષાના ઓર્ડરો સાથે થશે કે અલગ અલગ એ પણ હજુ સ્પષ્ટ થતુ નથી.

ડીવાયએસપી અને એએસપીના ઓર્ડરો લાંબા સમયથી નહી થતા હોવાના કારણે જુનીયર અધિકારીઓમાં પણ કચવાટ છે. એકાદ મહિના પહેલા જ ઓર્ડરો થઈ જવાના હતા પરંતુ કોઈપણ કારણોસર વિલંબ થઈ રહ્યો છે, એવુ લાગી રહ્યુ છે કે સીનીયર અને જુનીયરને આગળ પાછળ અથવા તો સાથે જ સારા સમાચાર મળશે.

# બે દિવસ માં જ સતત બીજા મહિલા પીએસઆઈ લાંચના ગુન્હામાં સકંજામાં: બંને ફરાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બે દિવસ પહેલા જ અમદાવાદના મહિલા પીએસઆઈ લાંચના છટકામાં સપડાયા બાદ ફરી ગત શનિવારે પણ વડોદરાના મહિલા પીએસઆઈનો વહિવટીદાર પણ લાંચના છટકામાં સપડાઈ ગયો હતો. આશ્ચર્યની બાબત એ છે કે લાંચના કેસમાં બંને મહિલા પીએસઆઈ હજુ ફરાર છે. રાજયમાં લાંચીયા લોકો વિરૂધ્ધ એસીબી સતત કામગીરી કરી રહી છે. આ દરમિયાન વડોદરામાં મહિલા પીએસઆઈનો વહિવટીદાર લાંચ લેતા રંગે હાથ ઝડપાયો હતો. મહિલા પીએસઆઈ વતી લાંચ સ્વીકારતી વખતે જે એસીબી ત્રાટકી હતી અને વહિવટદારને ઝડપી લીધો હતો. લાંચ કેસમાં પોતાના વિરૂધ્ધ ગુન્હો નોંધાયાની જાણ થતા જ ભ્રષ્ટ મહિલા પીએસઆઈ પોતાની ધરપકડથી બચવા માટે કાર લાઈને ફરાર થઈ ગયા હતા. એસીબીની ટ્રેપના પગલે પોલીસબેડામાં ફફડાટ વ્યાપી ઉઠયો છે. ફરીયાદી વિરૂધ્ધ ગઈ તારીખ ૧ જુનના રોજ માંજલપુર પોલીસ સ્ટેશનમાં એક ગુન્હો નોંધાયો હતો. આ ગુન્હાની તપાસ વિશ્વામિત્રી પોલીસ ચોકીના મહિલા પીએસઆઈ મલ્લિકાબેન ખીમજીભાઈ પરમાર કરી રહ્યા હતા. તપાસ દરમિયાન ફરીયાદીને હેરાનગતી ન કરવા અને જામીનની કાર્યવાહી ઝડપથી પુરી કરી આપવાના અવેજ પેટે મહિલા પીએસઆઈએ શરૂઆતમાં રૂપીયા ૨૫ હજારની લાંચ માંગી હતી. ફરીયાદીએ આ અંગે રકઝક કરતા આખરે રૂપીયા ૧૦ હજાર લેવાનુ નકકી થયુ હતું. મહિલા પીએસઆઈએ આ લાંચની રકમ સર્વેલન્સ સ્કવોડના જયકિશન સોમાજી ગામેતીને આપી દેવા માટે ફરીયાદીને જણાવ્યુ હતું. ફરીયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે વડોદરા



એસીબી નો સંપર્ક કરી ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદના આધારે તારીખ ૨૭ જુનના રોજ માંજલપુર પોલીસ સ્ટેશનની બાજુમાં, મુખ્ય રોડ પર આવેલી ભાવના ઝેરોક્ષની સામે લાંચનુ છટકુ ગોઠવવામાં આવ્યુ હતું. આ ટ્રેપ દરમિયાન એસીબી જયકિશન ગામેતીએ પોતાની માલીકીની મારૂતી સ્વીફટ કારના ડેશબોર્ડ ઉપર ફરીયાદી પાસે રૂપીયા ૧૦ હજાર મુકાવીને લાંચની રકમ સ્વીકારી હતી. એસીબીની ટીમે તુરંત જ ત્રાટકીને લાંચની રકમ સાથે આરોપી ને રંગે હાથ ઝડપી પાડયો હતો અને રકમ રીકવર કરી લીધી હતી.

# જામનગરમાં મધ્યાહન ભોજન બાદ ૧૦ વિદ્યાર્થીઓ બિમાર : ફુડ પોઈઝનીંગની આશંકા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



જામનગર જિલ્લામાં આવેલી મણવર ખીજડીયા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન લીધા બાદ વિદ્યાર્થીઓની તબિયત અચાનક બગડતા ચકચાર મચી જવા પામી છે. પ્રાથમિક માહિતી મુજબ આશરે ૧૦ જેટલા વિદ્યાર્થીઓને ઉલ્ટી, પેટમાં દુઃખાવો અને અન્ય તકલીફો થતા તેમને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર વિદ્યાર્થીઓએ ભોજનમાં રસ, પુરી અને શાક આરોગ્યુ હતું. ભોજન લીધાના થોડા સમય બાદ કેટલાક બાળકોની તબિયત લથડતા શાળા સંચાલન અને આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ અસરગ્રસ્ત બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાને લઈને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાલીઓએ આક્ષેપ કર્યો હતો કે બાળકો હોસ્પિટલમાં દાખલ હોવા છતાં શાળા તરફથી કોઈ જવાબદાર અધિકારી અથવા પ્રતિનિધિ મુલાકાતે આવ્યો નથી.

ઘટનાની યોગ્ય તપાસ કરી જવાબદારો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની પણ માંગ ઉઠી છે. ડોકટરોની દેખરેખ હેઠળ તમામ બાળકોની સારવાર ચાલી રહી છે. હાલ મોટાભાગના વિદ્યાર્થીઓની સ્થિતિ સ્થિર હોવાનુ જાણવા મળી રહ્યુ છે. તો બીજી તરફ ભોજનના નમુનાઓની તપાસ સહિત સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. જેથી બાળકોની તબિયત બગાડવાનુ ચોકકસ કારણ જાણી શકાય, પ્રશાસન અને સંબંધિત વિભાગો સમગ્ર મામલે નજર રાખી રહ્યા છે અને તપાસના અહેવાલ બાદ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

# અરવલ્લી જિલ્લામાં સરકારી બાળભોગ ચોરી મામલે કાર્યવાહી: હિંમતનગર ના કેટલાક ઈસમોની સંડોવણી હોવાની ચર્ચાઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




અરવલ્લી જિલ્લામાં સરકારી બાળભોગ ચોરી મામલે કાર્યવાહી બે દિવસ બાદ મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ છે.

મહિસાગરના ખાનપુર ગોડાઉનમાંથી બાળભોગનો જથ્થો ઝડપાયો હતો.

૩૦૫૦ કિલોની ૩૦૫ શંકાસ્પદ થેલીઓ ઝડપાઈ તે મામલે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સરકારી જથ્થો સગેવગે કરવા બદલ ૪ સામે ફરીયાદ દાખલ કરવામાં આવી છે. પીકઅપ ચાલક અને માલીક સહિત ગોડાઉન મેનેજર પર કેસ કરવામાં આવ્યો છે. બાલ શકિત અને સગર્ભા મહિલાઓના આહારનુ કૌભાંડ બહાર આવતા ચકચાર મચી જવા પામી છે.

ગુજરાત સરકારના પોષણ આહારની ગેરકાયદેસર હેરાફેરીનુ રેકેટ વિના મુલ્યે મળતો આહાર ૩ ઘણા ભાવે વેચવાની હિલચાલ કરાતી હતી.

હિંમતનગરના કેટલાક ઈસમો દ્વારા આ રેકેટ ચાલતુ હોવાની શંકા ઉપજાવી રહી છે.

સરકારી જથ્થો મહિસાગરના ખાનપુર થી ગેરકાયદેસર રીતે ભરાતો હતો.

કૌભાંડમાં પોલીસ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવશે તો કેટલાક મોટા માથાઓના નામ બહાર આવી શકે છે.

# શું ગુજરાતમાં ૯ માં ધોરણના વિદ્યાર્થીને એબીસીડી પણ ન આવડે ? પ્રવેશોત્સવ દરમિયાન ખુલી શિક્ષણની પોલ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતનુ શિક્ષણ કથળી રહ્યુ છે અને ખાડે ગયુ છે, શું અમે આવુ કહેશો તો માનશો ? નહી ને, પરંતુ આ વાસ્તવિકતા છે, કારણ કે જુનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના વિશળ હડમતીયા ગામની શાળામાં પ્રવેશોત્સવ દરમિયાન જે દ્રશ્યો બહાર આવ્યા છે તે ખરેખર ચોંકાવનાર છે. વિશળ હડમતીયા ગામે પ્રવેશોત્સવ દરમિયાન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ૯ માં ધોરણના વિદ્યાર્થીને એબીસીડી બોલવાનુ કહ્યુ હતુ. પરંતુ વિદ્યાર્થીએ કહ્યુ તેને આવડતી નથી, તો શિક્ષણાધિકારી પણ ચોંકી ઉઠયા હતા અને કહ્યુ શું વાત કરે છે, એબીસીડીઈએફ તો આવડે છે ને એ બોલ, તો વિદ્યાર્થીએ ફરી એ જ કહ્યુ મને નથી આવડતી, આ વિદ્યાર્થીને પુસ્તકમાં જોઈને એબીસીડી બોલવાની હતી અને તેમાં પણ તેને ફાંફાં પડી રહ્યા હતા. આ સમગ્ર ઘટના મામલે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તપાસના આદેશ આપ્યા છે અને અગાઉ વિદ્યાર્થી જે શાળામાંથી અભ્યાસ કરીને આવ્યો ત્યાંથી પ્રોગ્રેસ રીપોર્ટ લઈને કાર્યવાહી કરવામાં આવશે. તપાસ રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વિશળ હડમતીયા ગામે શાળા પ્રવેશોત્સવ દરમિયાન ધોરણ ૯ ના વિદ્યાર્થીને અંગ્રેજીના એબીસીડી પણ ન આવડતી હોવાનો ખુલાસો થયો હતો. શાળા પ્રવેશોત્સવ દરમિયાન અધિકારી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે ધોરણ ૯ ના એક વિદ્યાર્થીને અંગ્રેજી વાંચવાનુ કહ્યુ હતુ પરંતુ વિદ્યાર્થી શિક્ષકની હાજરીમાં પણ એબીસીડી બોલી શકયો ન હતો. જેના પડઘા રાજયના પાટનગર ગાંધીનગરમાં પડયા છે.

# ખેડુતોના હક્ક માટે આમ આદમી પાર્ટીનો મોરચો ૫ જુલાઈ થી ગાંધીનગરમાં શરૂ કરશે ઉપવાસ આંદોલન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના નગરા ગામે યોજાયેલી કિસાન મહાપંચાયતમાં ખેડુતોના પ્રશ્નોને લઈને આમ આદમી પાર્ટીએ સરકાર સામે આરપારની લડાઈનુ એલાન કર્યુ છે. છેલ્લા કેટલાક સમયથી કોંઢ, જેતપર સહિતના અનેક ગામડાઓમાં ખેતરોમાંથી પસાર થતી ખાનગી કંપનીઓની વીજ લાઈન અને પુરતા વળતરના અભાવે ખેડુતો રોષે ભરાયા છે. આ આંદોલનને વેગ આપવા માટે હવે આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતાઓ મેદાનમાં ઉતર્યા છે.

પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા અને પ્રવિણ રામ સહિતના અગ્રણીઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે ખેડુતોના ખેતરોમાં દાદાગીરી થી વીજ લાઈન નાંખવાનુ કામ કોઈપણ ભોગે સહન કરવામાં નહી આવે. કિસાન મહાપંચાયતમાં માત્ર વીજ લાઈન જ નહી, પરંતુ ખેડુતોને મુંઝવતા અન્ય પ્રશ્નો પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. જેમાં પાક વિમાનુ યોગ્ય વળતર, ખેત પેદાશોના પુરતા ભાવો, સિંચાઈ માટેનુ પાણી અને પાક ધિરાણ માફ કરવા જેવા મુદ્દાઓ મુખ્ય હતા. ખેડુતોની માંગ છે કે જે જમીનમાંથી વીજ લાઈન પસાર થાય છે , તેનુ તેમને બજારભાવ કરતા ૪ ગણુ વળતર મળવુ જોઈએ અથવા તો કાયમી માસિક ભાડુ ચુકવવુ જોઈએ, આગેવાનોએ સરકારને ચીમકી આપી હતી કે જો ખેડુતોની આ વ્યાજબી માંગણીઓ નહી સંતોષાય તો આ લડત વધુ ઉગ્ર બનાવવામાં આવશે. આ લડાઈને હવે ગામડાથી બહાર લાવીને રાજય સ્તરે લઈ જવાની જાહેરાત કરવામાં આવી હતી. નગરા ગામેથી શરૂ થયેલી આ કિસાન ક્રાંતિને આગળ ધપાવતા આગામી તારીખ ૫ જુલાઈના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ભવ્ય ઉપવાસ આંદોલન શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. આમ આદમી પાર્ટીના હોદ્દેદારોએ આંદોલનને રાજય વ્યાપી બનાવી ખેડુતોના હક્કના ન્યાય માટે અંત સુધી લડી લેવાનો મક્કમ નિર્ધાર વ્યકત કર્યો છે. આ મહાપંચાયતમાં મોટી સંખ્યામાં ખેડુતો અને કાર્યકરોની હાજરીએ આંદોલનને એક નવુ જોમ પુરૂ પાડયુ છે. જે સરકાર માટે આગામી દિવસોમાં મોટો પડકાર બની શકે છે.

# ગાંભોઈમાં બંધ મકાનમાંથી ચાલતું જુગારધામ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લામાં ગુનાખોરી અને ગેરકાયદે પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વધુ એક સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. સાબરકાંઠા એલસીબીની ટીમને ગામભોઈ વિસ્તારમાં મોટા પાયે જુગારધામ ચાલી રહ્યું હોવાની એક ચોક્કસ અને ખાનગી બાતમી મળી હતી. આ બાતમીના આધારે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસે આયોજનબદ્ધ રીતે રેડની કાર્યવાહી હાથ ધરી હતી.

સાબરકાંઠા એલસીબીની ટીમે ગામભોઈ વિસ્તારમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવી ત્યાં ઓચિંતી રેડ કરી હતી. બહારથી બંધ દેખાતા આ મકાનની અંદર ગંજીપાના વડે હાર-જીતનો મોટો જુગાર રમાડવામાં આવી રહ્યો હતો. પોલીસની અચાનક એન્ટ્રી થતાં જ ત્યાં હાજર જુગારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. જોકે, પોલીસે કોર્ડન કરીને જુગાર રમતા અને રમાડતા કુલ ૮ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે ઘટના સ્થળે થી જુગારના પટમાંથી મોટી માત્રામાં રોકડ રકમ, મોબાઈલ ફોન તેમજ જુગારીઓએ અવરજવર માટે ઉપયોગમાં લીધેલી ૩ આલીશાન કાર અને ૧ બાઈક સહિતનો તમામ સામાન કબજે લીધો છે.